મામલતદારોની ક.

અથવા

કબજા વહીવટનો

(મુંબઇનો સને ૧૯૦૬ નો અ

ટીકા તથા ફેંસલા

તૈયાર કરના

ગોવિંદજી ગોપા

માજી મામ

"દેશી મિત્ર" એનજીન

(બીજી

સને

કીંમત

પ્રસ્તાવના.

આ ચાલુ વહીવટ બાબતનો કાયદો ઘણો ઉપયોગી છે. મુલકી અમલદારો, મુખ્યત્વે કરીને મામલતદારો, કારકુનો, તલાટીઓને, તેમજ વકીલો તથા રૈયતને દરરોજ એનું કામ પડે છે. કોઇ માણસની જમીન બીજો કોઇ પડાવી લે તો, તે મામલતદારની કોર્ટમાં ફરીયાદ કરવા જાય; જો કોઇ માણસના કુવા, નહેર તથા કાંસના પાણીનો ઉપયોગ બીજો કોઇ બંધ કરે તો, તે ફરીયાદ કરવા જાય; જો કોઇ માણસની જમીનના કબજાને, અથવા કુવા વીગેરેના પાણીના અથવા મામુલ રસ્તાના ઉપભોગને કોઇ હરકત કરે તો તે માણસ મામલતદારને ફરીયાદ કરવા જાય; અને જો કોઇ ગણોતીયો, પટાની સરત મુજબ જમીનનો કબજો છોડી દે નહિ તો, તે જમીનદાર યા માલીક, મામલતદારને ફરીયાદ કરવા જાય.

૨. આવા દાવાઓનો નિકાલ જેમ બને તેમ જલદીથી તથા ઓછા ખરચે થાય એવો આ કાયદાનો મુળ હેતુ છે.

૩. આ કાયદાનો ટુંક ઇતીહાસ. ... ગ્રેજ સરકારનું રાજ્ય શીરૂ થયા
પછી સન ૧૮૨૭ ના રેગ્યુલેશન ૧૭ ... ાબ ૮ માં, ચાલુ વહીવટના
કાયદાનો સમાવેશ કરેલો હતો. આ કા... ા કલેકટરને આવા કબજા બા-
બતના દાવા સાંભળી ઇનસાફ કરવાનો ... ીકાર આપ્યો હતો. ... છળથી
એટલે સન ૧૮૩૦ ના રેગ્યુલેશન ૬ ... ૫૦૦) ની અંદરની ... ીમતના
આવા દાવાઓ કુમાવીસદાર (મામલ... ...ને સોંપવા કલેકટરને અધિકાર
મળ્યો હતો. આ અધિકારનો ઉપયો... વિરૂદ્ધ થવા લાગ્યો, અને
મામલતદાર આવા દાવા સાંભળવા ... અને કલેકટર તે ઉપર અપીલ
સાંભળવા લાગ્યા. સન ૧૮૨૭ તથ... ૮૩૦ ના રેગ્યુલેશન, સન
૧૮૩૮ નો આકટ ૧૬ ની કલમ ... થી ૨૬ કરવામાં આવ્યા
હતા. પરંતુ આ ગેર વહીવટ સન ... ા આકટ ૫ મો મંજુર થયો
ત્યાંસુધી ચાલ્યો. આ કાયદાએ, ... કાયદેસર રીતે ન્યાય કરનાર
ઠરાવ્યા. સન ૧૮૫૪ નો કાયદો ... માલમ પડવાથી, સન
૧૮૭૬ નો ૩ જો આકટ પસાર ... હતો. અને તે સને ૧૯૦૬ ના
અકટોબર મહીનાની તા. ૨૮ ... ...માં રહ્યો. આ કાયદો ત્રીસ
વરસ સુધી અમલમાં રહ્યો, તે ... કાયદાના હેતુ વિરૂદ્ધ, આ

કાયદો ગામ તથા શહેર માંહેલા ઘર તથા ઇમારતને પણ લાગુ છે એવાં મુંબઈ હાઇકોર્ટના ફેસલા થવાથી આ નવો કાયદો રચવાની જરૂર પડી.

૪. આ કાયદાથી એટલે (સને ૧૯૦૬ના ૨ જા થી) નીચે મુજબનો મુખ્ય ફેરફાર અથવા સુધારો વધારો કરવામાં આવ્યો છે.

(૧) ગામ તથા શહેરના ઘર તથા ઇમારતોને આ કાયદાના અમલમાં થી બાતલ કર્યાં છે. ગામ તથા શહેરના જળાશયોની બાબત ફરીઆદો પણ બાતલ કરી છે.

(૨) જમીનના માલીકો અથવા અંશતઃ માલીકો-જેવા કે વેચાણ આપનારાઓ કે ગીરો આપનારાઓને આ કાયદાના અમલમાંથી બાતલ કર્યા છે.

(૩) કોઈ પણ સહ ધણીને મજીઆરી મીલકત ઉપર પોતાનો હક ચલાવવું, આ કાયદાના અમલમાંથી બાતલ કર્યા છે.

(૪) ખેડુતે કનડવા જેવી ફરાઆદો કહાડી નાંખવાનું ડહાપણ વાપરવી મામલતદારને છુટ આપવામાં આવી છે.

(૫) ઉભા પાકની આ [illegible]તમાં તુલ લઇ લેતાં સુધી. અગર તેનો બદ-લો આપતા સુધી કબજો અપાવવાનું મુલતવી રાખવાનો અ-ધિકાર મામલતદારને આપવામાં આવ્યો છે.

(૬) તેના તેજ પક્ષકારો વચ્ચે એક વાર ચાલેલા તાતકાળીક કબજા સંબંધીન દાવાઓ [illegible] આ કાયદાના અમલમાંથી સ્પષ્ટ રીતે બાતલ કરામાં આ[illegible]વ્યા છે.

(૭) સરકાર તથા સર[illegible] અમલદારો વિરૂદ્ધ ફરીઆદ લેવાની મના કરવામાં આવી [illegible]

૫. મામલતદારને [illegible] અધિકારઃ—(૧) તાબડતોબ કબજો અપા-વવાનો (૨) ઉપયોગ [illegible] ગવવાનો; (૩) મનાઇ હુકમ આપવાનો. આ અધિકાર મામલતદારની [illegible] આ કાયદાથી મળેલા છે. પરંતુ દાવાનું કારણ ઉત્પન્ન થાય ત્યારથી [illegible]ની મુદતની અંદર ફરીયાદ કરવી જોઇએ.

૬. કામ ચલાવવાની [illegible]ણીજ સાદી છે દાવા અરજી દાખલ થઇ, અને નોટીસ તથા [illegible]બર બજી આવ્યા કે, દાવને દીવસે મામલતદારે સઘળો પુરાવે [illegible]તુરત લખી લેવો. મામલતદારે મુદ્દા કાઢવાના નથી. આ કાયદા [illegible] ૧૯ માં મુદ્દાઓ તૈયાર કહાડી [illegible]લા છે, એ મુદ્દાઓમાંથી [illegible] દાવાને લાગુ પડે છે તે જોઇ કહાડી. કાગળ ઉપર તે લખી લે[illegible] [illegible] પડેલા પુરાવાને આધારે આ મુદ્દાઓનો મામલતદારે ઇન[illegible] [illegible]વા અરજી ઉપર પોતાનો હુકમ, કારણો સહીત. લખવો જોઇએ. [illegible] હુકમનો તુરતા તુરત અમલ થાય છે કે નહિં તે મામલતદા[illegible] [illegible]એ.

કતારગામ-સુરત.
૧-૧૦-૧૯૦૮

વિ[illegible]જી ગોપાળજી દેસાઈ,
માજી મામલતદાર.

અનુક્રમણીકા.

BOMBAY ACT NO. II OF 1906.

મુંબઇના ગવર્નર ઇન કૌન્સિલનો હેઠળ લખેલો આકટ નામદાર ગવર્નરે સન ૧૯૦૬ના આગસ્ટ મહિનાની ૩૦મી તારીખે મંજુર કર્યો, અને નામદાર વાઇસરાય તથા ગવર્નર જનરલે તેજ વર્ષના અકટોબર મહિનાની ૫મી તારીખે મંજુર કર્યો, અને તે સઘળા લોકોને જાણ થવા સારૂ છાપી પ્રસિદ્ધ કર્યો છે.

સન ૧૯૦૬નો મુંબઇનો આકટ નંબર ૨.

મામલતદારોની કોર્ટોના અધિકાર સંબંધી તથા કામ ચલાવવાની રીત સંબંધી કાયદો એકત્ર કરીને સુધારવા બાબતનો આકટ.

(હિંદુસ્તાનના ગવર્નર જનરલે આ આકટને આપેલી મંજુરી મુંબઇના ગવર્નરે સન ૧૯૦૬ ના અકટોબર મહિનાની ૨૯મી તારીખે પ્રસિદ્ધ કરી હતી.)

ઉદ્દેશ. મામલતદારોની કોર્ટોના અધિકાર સંબંધી તથા કામ ચલાવવાની રીત સંબંધી કાયદો એકત્ર કરીને સુધારવો યોગ્ય છે, વાસ્તે આ ઉપરથી નીચે લખ્યા પ્રમાણે ઠરાવ્યું છે:—

ટુંકું નામ. **૧.** (૧) આ આકટને સન ૧૯૦૬નો મામલતદારોની કોર્ટોનો આકટ કહેવો.

ક્યાંહાં ક્યાંહાં લાગુ છે તે. (૨) તે મુંબઇ શહેર તથા એડન શિવાય આખા મુંબઇ ઇલાકાને લાગુ પડશે.

સન ૧૮૭૬નો મું બઇનો ૩ જો આક્ટ રદ્દ કરવા બાબત.

૨. સન ૧૮૭૬નો મામલતદારોની કોર્ટો નો આકટ આ ઉપરથી રદ્દ કર્યો છે.

અર્થ.

૩. આ આકટમાં, વિષય ઉપરથી અથવા આગલા પાછલા સંબંધ ઉપરથી બાધ આવતો ન હોય તો.

(અ) "મામલતદાર" એ શબ્દમાં, જે કોઇ પણ મુલકી અમલદાર મામલતદારનો, મુખત્યારકરનો અથવા મહાલકરીનો અધિકાર વિદ્યમાનકાળે ચલાવતો હશે તેનો, અને ગવર્નર ઇન કૌંસિલ જે કોઈ પણ બીજા માણસને આ આકટ મુજબના મામલતદારના અધિકાર ચલાવવા સારૂ ખાસ અધિકાર આપશે તેનો સમાસ થાય છે એમ સમજવું; અને

(બ) "વાદી" તથા "પ્રતિવાદી" એ શબ્દોમાં—

(૧) એવા વાદી અથવા પ્રતિવાદી તરફથી કામ ચલાવવા સારૂ યોગ્ય રીતે નિમાયલા પ્લીડરનો, અને

(૨) દિવાની કામ ચલાવવાની રીત બાબતના કાયદાની ૩૭મી કલમમાં વ્યાખ્યા કરેલા પ્રકારના વાદીના અથવા પ્રતિવાદીના કબુલ કરેલા મુખત્યારનો સમાસ થાય છે

ટીકા. "મામલતદાર" તાલુકાની સ્થાનીક મેહેસુલનો કારભાર જે મુખ્ય અંમલદારને સ્વાધીન કર્યો હશે, તેને મામલતદાર કહેવો તેનો તાલુકો જે ભાગમાં હશે તે ભાગના કમીશનરે તેની નીમણુક કરવી જોઇએ.

તેના કામ તથા અધીકાર.

આ એકટ ઉપરથી અથવા જે વખતે જે બીજો કોઇ કાયદો અમલમાં હોય તે બીજા કાયદા ઉપરથી જે કામ તેને માથે વીશેષ કરીને નાંખ્યા હશે અથવા જે અધીકાર વીશેષે કરીને આપ્યા હશે અથવા સરકારના સામાન્ય અથવા વીશેષ હુકમ પ્રમાણે કલેકટરે તેને માથે નાખ્યા હશે અથવા આપ્યા હશે તે તેના કામ તથા તે તેના અધીકાર છે એમ સમજવું. (રેવન્યુ કોડ. કલમ ૧૨) મુંબઇનો સન ૧૮૭૯ નો આકટ. ૫ મો.

એ એકટ એટલે રેવન્યુકોડ ઉપરથી જે કામો, તથા ફરજો મામતદારે બજાવવાની છે તે ઉપરાંત "બીજા કોઇ કાયદાથી" તેને માથે બીજું કાંઇ કામ નાંખ્યું હોય તે પણ કરવું જોઇએ. દાખલા તરીકે કબજા વહીવટના એકટ મુજબ પણ તેણે કામ કરવાનું છે.

"માહાલકરી"—તાલુકાના ઠરાવેલા કોઇ એક ભાગની મેહેસુલનો કારભાર જે માણસને સ્વાધીન કર્યો હશે તેને માહાલકરી કેહેવો-તેની નીમણુક કલેકટર કરે છે. મામલતદારના કામ પૈકી તથા અધીકારો પૈકી, પોતાને વખતે વખતે યોગ્ય લાગે તે કામ તથા અધીકાર માહાલકરીને, તેના માહાલમાં સરકાર તથા કમીશનરના હુકમને અનુસરીને, સોંપી દેવાનો અધીકાર કલેકટરને છે. (રેવન્યુકોડ કલમ ૧૩)

સીંધમાં મામલતદારને મુખત્યારકર કહે છે. મુખત્યારકરને તેમજ મહાલકરીને આ કાયદાથી અધિકાર મળ્યો છે.

"બીજા માણુસને"—સરકારી નોકર હોય કે ન હોય એવા બીજા માણસને પણ આ એકટ પ્રમાણે અધીકાર ચલાવવાની મુખત્યારી ગવરનર ઇન કાંઉન્સીલ ખસુસ કરીને આપી શકે છે.

અવલકારકુનને પણ એ અધીકાર, ખસુસ કરીને આપી શકાય; પરંતુ મામલતદારની ગેરહાજરીમાં થોડા દીવસ અવલકારકુન પાસે તેનો ચાર્જ રહે, તો અવલકારકુનથી એવી દાવા અરજી લઇ શકાય નહી. પણ કમીશનર જો તેને એકટીંગ મામલતદાર નીમે તો લઇ શકે છે, કોઇ અમુક અવલકારકુનને, ખસુસ અધીકાર મળ્યા શીવાય, અને એકટીંગ મામલતદાર નીમાયા વગર, આ કાયદા મુજબ દાવા અરજી સાંભળી તેનો નીકાલ કર્યો, તેનો ફેસલો હાઇકોર્ટે રદ કર્યો, કારણ તેને અધીકાર ન છતાં તેણે દાવો સાંભળી નીકાલ કર્યો. (નીંગાપા—વી—કોડાપા—પ્રી. જ. પા. ૧૮૯ સને ૧૮૯૯)—સોલાપુરના મામલતદારની જગા ખાલી પડતાં, કલેકટરે "અવેજી" તરીકે બીજા અમલદારની નીમણુક કરી. હાઇકોર્ટે ઠરાવ્યું કે આવા અવેજીને આ કાયદા પ્રમાણે કામ કરવાને અધીકાર નથી. (દેવરાવ નારાયણદાસ. બો—લો—રી—પો—પા. ૧૧૦૯).

"કબુલ કરેલો મુખત્યાર"—વાદી પ્રતીવાદી તરફથી ગમે તે મુખત્યારને કોર્ટમાં હાજર થઇ કામ ચલાવવાની પરવાનગી આપી શકાતી નથી. પણ સીવીલ પ્રોસીજર કોડ પ્રમાણે જો તે કબુલ કરેલો મુખત્યાર હોય તો તે વાદી કે પ્રતીવાદી તરફથી હાજર રહી કામ ચલાવી શકે.

સીવીલ પ્રોસીજર કોડ (૧૯૦૮નો એક્ટ ૫ મો)

ઓરડર નંબર ૩. રૂલ. ૨, ઓરડર નંબર ૨૭. રૂલ. ૨. અને કલમ. ૮૫ નીચે મુજબ છે.

ઓ. ૩. રૂલ ૨ પક્ષકારોના જે કબુલ કરેલા મુખત્યારોથી સદરહુ પ્રમાણે હાજર થવાનું અરજ કરવાનું અને કામ કરવાનું કરી શકાય તે નીચે પ્રમાણે:—

કબુલ કરેલા મુખત્યારો કોર્ટની હકુમત બહાર જેપક્ષકારો હોય તેમનાં મુખત્યાર નામાજેમની પાસેહોયતેશખસો

(अ) જે કોરટની હકુમતની સ્થાનિક હદમાં હાજર થવાનું, અરજ કરવાનું કે કામ કરવાનું હોય, તે કોરટની હકુમતની સ્થાનિક હદમાં રહેનાર ન હોય, એવા પક્ષકારોએ પોતાની વતી હાજર થવાનો, અરજો કરવાનો અને કામ કરવાનો અખત્યાર જેમાં આપ્યો હોય, તેવાં કુલ મુખત્યારનામાં જેમની પાસે હોય તે.

કોરટની હકુમત બહારના પક્ષકારોવતી વેપાર ધંધો ચલાવનારા સખસો.

(ब). કોરટની હકુમતની જે સ્થાનિક હદમાં હાજર થવાનું અરજ કરવાનું કે કામ કરવાનું હોય. તે હદમાં રહેતા ન હોય એવા પક્ષકારોની વતી અને તેમને નામે વેપાર અથવા ધંધો ચલાવનારા સખસો, તે વેપાર અથવા ધંધાને લગતી બાબતમાંજ, અને તે પણ સદરહુ હાજર થવાનો અરજ કરવાનો અને કામ કરવાનો અખત્યાર મુદ્દામ બીજા કોઇ મુખત્યારને આપ્યો ન હોય ત્યારે.

સરકારની વતી કામકરવાનો અખત્યાર મળેલા સખસો

ઓ. નંબર ૨૭ રૂલ ૨. કોઇ ન્યાયના કામ બાબત સરકારની વતી કામ કરવાને જેમને નોકરીને લીધે અથવા બીજી રીતે અખત્યારમળ્યો હોય તેવા સખસો, કરેલા મુખત્યારો ગણાશે. અને સરકારની વતી આ કાયદા પ્રમાણે હાજર થવાનું, કામ કરવાનું, અને અરજો કરવાની તે તેઓ કરશે.

રાજા અથવા રજવાડા તરફથી

૮૫. કોઇ સત્તાધિકારી રાજાના અથવા રાજ્ય ચલાવનાર સરદારના કહેવાથી, તેની વતી કોઇ ફરિયાદ ચલાવવા સારૂ અથવા તેનો જવાબ કરવા સારૂ સરકારના હુકમથી મુદ્દામ નીમેલા સખસો કબુલ કરેલા મુખત્યારો ગણાશે, અને આ

ફરિયાદ ચલાવવા અથવા તેનો જવાબ કરવાને સરકારે મુદ્દામ નીમેલા સખસો

કાયદા પ્રમાણે હાજર થવાનું, કામ કરવાનું અને અરજો કરવાનું કામ તે રાજાની અથવા સરદારનીવતી તેઓ કરશે; પછી તે રાજા અથવા સરદાર બ્રિટિશ સરકાર સાથે ગમે તો તાબેદારીની અથવા બીજી રીતની દોસ્તીમાં હોય, અને તે ગમે તો બ્રિટિશ ઇંડિઆમાં અથવા તેની બહાર રહેતા હોય.

જોઇન્ટ મામલતદાર નિમવાનો અધિકાર.

૪. (૧) ગવર્નર ઇન કૌન્સિલ, મુંબઇ સરકારી ગેઝીટમાં જાહેરનામું પ્રસિદ્ધ કરીને, કોઇ પણ તાલુકામાં આ આકટની રૂયે જોઇન્ટ મામલતદાર નિમવાને મુખત્યાર છે; એવા જોઇન્ટ મામલતદારે પોતાને મામલતદાર તરફથી જે ફરિયાદીઓ મળે તેમનોજ ફક્ત નિકાલ કરવો જોઇયે એટલીજ વાત બાદ કરીને તેને મામલતદારના અધિકાર પ્રમાણેનાજ અધિકાર તથા તેની હુકુમત જેવીજ હુકુમત આપવી જોઇયે.

જોઇન્ટ મામલતદારને ફરિયાદીઓ મોકલી આપવાનો મામલતદારનો અધિકાર

(૨) આ આકટ મુજબની જે કોઇ પણ ફરિયાદમાંની ફરિયાદ અરજી ૭મી કલમની રૂએ મામલતદાર પાસે રજુ કરી હશે તે ફરિયાદ જોઇન્ટ મામલતદાર તરફ નિકાલ થવા સારૂ મોકલવાનો, અને એવી જે કોઇપણ ફરિયાદનો નિકાલ કરવાને જોઇન્ટ મામલતદાર મરણ પામ્યાને લીધે, મંદવાડને લીધે અથવા બીજા કોઇપણ કારણને લીધે અસમર્થ હશે તે ફરિયાદ પોતાની ફાઈલ ઉપર પાછી લઇ લેવાનો મામલતદારને આ ઉપરથી અધિકાર આપ્યો છે.

કમિશનરને અધિકાર સોંપી દેવાબાબત

(૩) ગવર્નર ઇન કૌન્સિલ, પેટા કલમ (૧) મુજબના પોતાના અધિકાર કમિશનરને સોંપી દેવાને મુખત્યાર છે.

ટીકા:—"જોઇન્ટ" એટલે જોડીઆ. જોડીઆ મામલતદારને દાવા અરજી લેવાનો અધિકાર નથી. અરજી લેવાનો અધિકાર તો મામલતદારનેછે.

મામલતદારોની કોર્ટોનો અધિકાર.

૫. (૧): દરેક મામલતદારે કોર્ટમાં પ્રમુખસ્થાને બેસવું જોઇયે, તે કોર્ટને મામલતદારની કોર્ટ કહેવી, અને મુલકની હદ ગવર્નર ઈન્ કૌન્સિલ વખતો વખત ઠરાવે તે હદ્દમાં તે કોર્ટને કલમો ૬ તથા ૨૬ ના ઠરાવોને પાત્ર, નીચે લખેલો અધિકાર છે, એટલે, કાયદા પ્રમાણે કામ ચલાવ્યા વગર બીજી રીતે જે કોઈપણ માણસ પાસેથી ખેતીની અથવા ચરવાની જમીનનો અથવા જગાનો, અથવા ઝાડો, પાકો અથવા માછલી મારવાની જગાનો કબજો લઈ લીધો હશે, અથવા ખેતીના કામ સારૂ વાપરવામાં આવતા કોઈ પણ કુવાના, તળાવના, નહેરના અથવા કુદરતી અથવા કૃત્રિમ કાંસના પાણીનો ઉપયોગ કરવાનું છીનવી લીધું હશે, તે માણસને, અથવા દાવો કરેલી મિલકતનો અથવા ઉપયોગનો એવી ફરિયાદ માંડતાં પહેલાંનાં બાર વર્ષની અંદર અગાઉનો ધણી અથવા અંશતઃ ધણી ન હોય અથવા એવા ધણીનો અથવા અંશતઃ ધણીનો કાયદેસર વારસ વકીલ ન હોય એવા કોઇ પણ બીજા માણસના કોઇ પણ ભોગવટાની અથવા બીજા હકની મુદત પુરી થયાને લીધે જે કોઇપણ માણસને તેનો કબજો મળવાનો અથવા ઉપયોગ કરવાનું પાછું મળવાનો હક પ્રાપ્ત થયો હશે તે માણસને સદરહુ પ્રકારનો કબજો તાબડતોબ આપવાનો અથવા સદરહુ પ્રકારનો ઉપયોગ કરવાનું પાછું આપવાનો અધિકાર છે.

અધિકાર ચલાવવાને ના કહેવાને મામલતદાર ક્યારે મુખત્યાર છે.

પણ એવું ઠરાવ્યું છે કે, જો કોઇપણ બાબતમાં મામલતદારને એમ લાગે કે એવા કોઇપણ ભોગવટાની અથવા બીજા હકની મુદત પુરી થઇ છે એટલાજ કારણને લીધે એવી કોઇ પણ મિલકતનો કબજો મળવાનો અથવા એવો કોઇ પણ ઉપયોગ કરવાનું પાછું મળવાનો હક જે માણસને પ્રાપ્ત થયો હશે તેને તે મિલકતનો કબજો આપવો અથવા

તે ઉપયોગ કરવાનું પાછું આપવું અન્યાયનું કામ થશે અથવા ગેરવાજબી રીતે જુલમનું કામ થશે તો, અથવા જો તેને એમ લાગેકે એકાદી દિવાની કોર્ટ એવા મુકદમાનો ઇનસાફ વધારે યોગ્ય રીતે કરી શકશે તો, તે પોતાની નજરમાં આવે તે પ્રમાણે, સદરહુ કહેલો અધિકાર પોતે ચલાવતો નથીએમ કહેવાને મુખત્યાર છે; પણ એવી રીતે ના પાડવાનાં કારણ પોતે લખી મૂકવાં જોઇયે.

તાકીદ આપવાનો અધિકાર

(૨) સદરહુ કોર્ટને તેજ ઠરાવોને પાત્ર રહીને, સદરહુ હદની અંદર, કોઇ પણ ખેતીની અથવા ચરવાની જમીનના અથવા જગાના, અથવા ઝાડના, પાકના અથવા માછલી મારવાની જગાના કોઇ પણ માણસના કબજાને, અથવા ખેતીના કામ સારૂ વાપરવામાં આવતા કોઇ પણ કુવાના, તળાવના, નહેરના અથવા કુદરતી અથવા કુત્રિમ કાંસના પાણીનો કોઇ પણ માણસને ઉપયોગ કરવાને, અથવા ત્યાં જવાના રસ્તાનો અથવા મામુલ માર્ગનો ઉપયોગ કરવાને, કાયદા પ્રમાણે કામ ચલાવ્યા વગર બીજી રીતે હરકત અથવા અડચણ કરી હશે અથવા સદરહુ પ્રમાણે હરકત અથવા અડચણ કરવાનો યત્ન કર્યો હશે, ત્યારે એવી હરકત અથવા અડચણ વળી કરતો નહી અથવા કરવાનો યત્ન કરતો નહિ એવી તાકીદ, જે માણસે એવી હરકત અથવા અડચણ કરી હશે અથવા કરવાનો યત્ન કર્યો હશે તેને આપવાનો અધિકાર છે.

૬ મહિનાની અંદર ફરિયાદ ફાઇલ કરવી જોઇયે.

(૩) ફરિયાદનું કારણ જે તારીખે ઉત્પન્ન થયું હશે તે તારીખથી છ મહીનાની અંદર ફરિયાદ કરી ન હોય તો, મામલતદારની કોરટે તે ફરિયાદ લેવી નહિ.

ફરિયાદનું કારણ.

(૪) જે તારીખે કબજો કાહાડી લીધો હોય અથવા છીનવી લીધો હોય અથવા ભોગવટાની અથવા બીજા હક્કની મુદત પુરી થઇ હોય તે

તારીખે, અથવા જે તારીખે હરકત અથવા અડચણ અથવા યત્ન કરેલી હરકત અથવા અડચણ પ્રથમ સરૂ થઈ હોય તે તારીખે, ફરિયાદનું કારણ ઉત્પન્ન થયું છે એમ સમજવું.

ખુલાસો.—કોઈ પણ સહધણીને સહમિલકત ઉપર જે હક્ક હશે તે હક્ક તેણે ચલાવ્યો હોય તો, આ કલમના અર્થ પ્રમાણે બીજા સહધણીનો અથવા ધણીઓનો કબજો કહાડી લીધો અથવા તેના અથવા તેમના કબજાને હરકત કરી એમ થતું નથી.

દ્રષ્ટાંત ૧.

અ પોતાનું ખેતર એક અથવા વધારે વર્ષની નિયમિત મુદ્દત સુધી વાવેતર કરવા સારૂ **બ**ને ગણોતે આપે છે. **બ** તે મુદ્દત પુરા થયા પછી કબજો છોડી દેવાની ના કહે છે. **બ** સદરહુ મિલકતનો એવી ફરિયાદ માંડતાં પહેલાનાં બાર વર્ષની અંદર અગાઉનો ધણી અથવા અંશતઃ ધણી અથવા એવા ધણીનો અથવા અંશતઃ ધણીનો કાયદેસર વારસ વકીલ ન હોય તો, સદરહુ મુદ્દત પુરી થયાની તારીખથી ૭ મહિનાની અંદર કોઈપણ વખતે મામલતદારની કોરટમાં કબજો મળવા સારૂ **અ** ફરિયાદ કરી શકે છે.

દ્રષ્ટાંત ૨.

બ અનો એક વર્ષનો ખેડુત છે. સન ૧૮૭૯ ના મુંબઈના જમીન મહેસુલના કાયદાની ૮૪ મી કલમની રૂયે નોટીસ આપવાની અને જરૂર છે. તે પ્રમાણે તે તે વખતે ચાલતા ભોગવટાના વર્ષની આખરની નિદાન ત્રણ મહિનાની અગાઉ **બ**ને જમીન છોડી દેવાની નોટીસ આપે છે. આવતા વર્ષની શરૂઆતમાં **બ** છોડી દેવાની ના કહે છે. **બ** સદરહુ મિલકતનો એવી ફરિયાદ માંડતાં પહેલાનાં બાર વર્ષની અંદરનો અગાઉનો ધણી અથવા અંશતઃ ધણી, અથવા એવા ધણીનો અં-

શત: ધણીનો કાયદેસર વારસ વકીલ ન હોય તો, તે વર્ષ શરૂ થયાથી છ મહિનાની અંદર કોઇપણ વખતે અ મામલતદારની કોર્ટમાં બ ઉપર ફરિયાદ કરી શકે છે.

દ્રષ્ટાંત ૩.

અ બને પોતાના કુવાના અથવા પોતાના કાંસના પાણીનો નિયમીત મુદત સુધી ઉપયોગ કરવા સારૂ પરવાનગી આપે છે. તે મુદત પુરી થયા પછી બ અની સંમતિ વગર તે કુવા માંથી અથવા કાંસમાંથી પાણી લેવાનું ચાલુ રાખે છે. બ તે પાણીના ઉપયોગનો ફરિયાદ માંડતા પહેલાનાં બાર વર્ષની અંદરનો અગાઉનો ધણી અથવા અંશતઃ ધણી અથવા એવા ધણીનો અથવા અંશતઃ ધણીનો કાયદેશર વારસ વકીલ ન હોય તો, બને પાણી લેવાનું બંધ કરવાની તાકીદ મળવા સારૂ બ ઉપર મામલતદારની કોર્ટમાં, સદરહુ મુદત પૂરી થયા પછી છ મહિનાની અંદર હરકોઇ વખતે ફરિયાદ કરવાનો અધિકાર અને છે.

દ્રષ્ટાંત ૪.

અ તથા બની જમીનો કાંસને અથવા વેહેળીયાને લગતી અથવા એવાજ કૃત્રિમ કાંસને અથવા વેહેળીયાને લગતી છે. તેનો ઉપયોગ બ એકલોજ માત્ર આજ સુધી કરતો આવ્યો છે. અ તેમાંથી પાણી લે છે. અ ને તેમ કરવાની મના કરવા બાબત તાકીદ થવા સારૂ, અ એ પાણી લેવાંનું શરૂ કર્યાની તારીખ થી છ મહિનાની અંદર હરકોઇ વખતે મામલતદારની કોર્ટમાં ફરિયાદ કરવાનો અધિકાર બને છે.

ટીકા–"વખતો વખત ઠરાવે તે હદમાં" એટલે તાલુકાની હદમાં, પરંતુ જ્યારે કલેકટર આ કાયદાની કલમ ૬ આધારે બીજા તાલુકાના મામલતદારને કોઇ કેસ ટ્રાન્સફર કરે ત્યારે તે મામલતદારને પણ આ કલમમાં કહેલો અધિકાર છે. વલી આ કાયદાની કલમ ૨૬ મુજબની ફરીયાદો

સાંભળવાને મામલતદારને અધિકાર નથી—"કલમ ૬ તથા ૨૬ ના ઠરાવો ને પાત્ર" એટલે એ બેહુ કલમના ઠરાવોને બાતલ કરીને—

"અધિકાર" આ કાયદા મુજબ મામલતદારને નિચે મુજબઅધિકાર છેઃ—

(૧) ખેતી અથવા ચરણના ઉપયોગમાં આવતી જમીનનો કબજો તાબડતોબ પાછો અપાવવાનો

(૨) ખેતીના કામ સારૂ ઉપયોગમાં આવતા જળાશયના પાણીનો ઉપયોગ કરવાનો હક છીનવી લીધો હોય તે તાબડતોબ પાછા અપાવવાનો

(૩) તાકીદ હુકમ આપવાનો, એવા કબજાને અથવા તો ઉપયોગ કરવામાં હરકત કરી હોય તો.

આ અધિકાર ઉપરાંત મામલતદાર બીજી રીતનો હુકમ કરી શકે નહીં એટલે, હવે ઘર કે મકાન સંબંધી ફરીઆદ સાંભળી શકે નહીં.

"ધણી અથવા અંશતઃ ધણી"—એટલે કોઇ જમીનના ધણીએ તે ગીરો મુકેલી હોય તે ધણી કબજાગીરોં રાખનાર જમીન પાછી મૂળ ધણીને ગણોતે આપે, અને તે ગણોત ન આપે તો, કબજો લેવા ફરીયાદ કરતા હતા, તેવી ફરીઆદ હવે મામલતદારને સાંભળવાનો અધિકાર નથી.

"કબજો" એ શબ્દનો અર્થ આ કાયદામાં કર્યો નથી "કબજો બે પ્રકારનો હોય છે. (૧) ખરેખરો, અને (૨) અનુમાનીક. આ કાયદો "ખરેખરા" એટલે ચાલુ કબજા વહીવટને લાગુ પડે છે.

સાધારણ વપરાતી ભાષામાં "કબજા" શબ્દના એક એકથી તદન ઉલટા બે અર્થ થાય છે. એક તો કાયદેસર કબજો; બીજો ગેરકાયદે કબજો ધણી ઇઆ વહીવટ કરનારનો કબજો એ કાયદેસર કબજો; પ્રવેશ કરનારનો કબજો એ ગેર કાયદે કબજો. ગેર કાયદે કબજો મેળવનાર આ કાયદા મુજબ મામલતદારની કોર્ટમાં ફરીઆદ કરી શકતો નથી.

ગણોતીઆ અથવા ખેડુતના કબજા વહીવટને કોઇ હરકત કરે તો તે ગણોતીઓ અથવા ખેડુત આ કાયદા મુજબ દાવો કરી શકે. જમીનનો માલીક દાવો કરી શકતો નથી—(ગ્રોમા ઉર્ફે ગોવીંદા. વી. નરસીંગરાવ પ્રી. જ. પા. ૨૦ સન ૧૮૯૫)

ગરીબ સગાવાહલા અથવા ચાકરને, કોઇ જમીનદાર પોતાની વાડી તથા બંગલામાં રહેવાદે, તો તેથી તે જમીનદારનો કબજો વહીવટ જતો નથી. સગાવહાલાનો ઇઆ ચાકરનો કબજો તે માલીકનોજ કબજો છે.

પ્રતીવાદી જો દાવાવાળી મીલકતનો, દાવા અરજી દાખલ થતાં પહેલાંના, બાર વરસની અંદર, અગાઉનો ધણી અથવા અંશતઃધણી. એટલે વેચાણ આપનાર અથવા ગીરો આપનાર–હોય તો તેવા પ્રતિવાદી ઉપર આ કાયદા મુજબ ફરીઆદ સાંભળવાનો મામલતદારને અધિકાર નથી.

દ્રષ્ટાંત.

अ વાદીએ, **ब** પ્રતીવાદી પાસેથી ત્રણ વરસ ઉપર એક ખેતર વેચાણ રાખ્યું, અને વેચાણ રાખ્યું તેજ દીવસથી **ब**ને ગણોતપટો લખવી લઇ સોંપ્યું. પટાની મુદત પુરી થયા છતાં **ब** કબજો સોંપવા ના પાડે તોપણ **अ**ના **ब**ના ઉપર ફરીઆદ મામલતદાર સાંભળી શકે નહીં કારણ કે **ब**, અરજી દાખલ થતાં પહેલાં બાર વરસની અંદર "અગાઉનો ધણી" હતો.

કોચમેન, ઇઆ ગાડીવાન તેના ધણીના તબેલામાં સુઇ રહે, અથવા તેમાં રાંધી ખાય, તો તેથી ધણીનો કબજો તુટતો નથી. તેમજ કોઇ જમીનદાર પોતાના માળીને, ચાકરને કે મજૂરને પોતાની જમીન ઉપર ઝુંપડામાં વગર ભાડે રહેવાદે તો તેથી ધણીના કબજાને હરકત થતી નથી. ચાકરનો કબજો તે ધણીનો કબજો સમજવો જોઇએ.

કોઈ મંડળી, પોતાના મકાનમાં પોતાના આડતીઆને વગર ભાડે રહેવાદે 'તો, કબજો તે મંડળીનોજ ચાલુ રહે છે.

બાપની સાથે રહેનારા (અવિભક્ત) છોકરાઓ બાપની મીલકતના સંબંધમાં, સ્વતંત્ર કાયદેસર કબજેદાર કહી શકાય નહીં–ફક્ત બાપજ કાયદેસર, કબજેદાર કહી શકાય. તેની સ્ત્રી, છોકરા, અને ચાકરો, કોઇપણ પ્રકારના કબજેદાર કહી શકાય નહીં. જો તેઓને કાયદા પ્રમાણે કામ ચલાવ્યા વગર, કહાડી મુકવામાં આવે, તો આ કાયદા પ્રમાણે મામલતદારને તેમની ફરીયાદ સાંભળવાનો અધીકાર નથી. કબજાના દાવામાં બાપ વિરૂદ્ધ કબજો આપી દેવા હુકમ થાય તો તે હુકમની અસર તેના આશ્રીત ઉપર થાય છે. એટલે તેની સ્ત્રી, છોકરાં ઇયા ચાકરથી કબજો આપવામાં વાંધો લઇ શકાય નહીં. છોકરાનો સ્વતંત્ર કબજો હોય તો તે વ્યાજબી રીતે વાંધો લઇ શકે, એવે પ્રસંગે તે ત્રાહીત જેવો છે. (પ્રી. જ. પા. ૩૯૦ સન ૧૮૯૫).

વળી કબજો સામાઇક હોવો ન જોઇએ, તે સ્વતંત્ર હોય તોજ ફરીઆદ દાખલ થઇ શકે. વહેંચણી કરવાનો અધીકાર મામલતદારને નથી.

દીવાની કોર્ટથી જે દાવાનો નીકાલ થયો હોય તે વિરૂદ્ધ દાવો સાંભળવાને મામલતદારને અધીકાર નથી.

મોજે દીહેણના દેવસ્થાન પંચના એક મેમ્બરે દેવસ્થાનની જમીન કબજે લેવા ઓલપાડ મામલતદારની કોરટમાં દાવો કરેલો. મામલતદારે તેના લાભમાં હુકમ કરેલો. પ્રતીવાદીએ હાઇ કોર્ટમાં અપીલ કરી. મામલતદારનો હુકમ રદ કરી ઠરાવ થયો કે દેવસ્થાનના એક પંચને આવી ફરીઆદ માંડવાનો હક નથી. (દાજીભાઇ વસનજી વી. ઘેલાભાઇ જીવણરામ બો. લો. રી. પુ. ૧ પા. ૧૯૯).

"ભોગવટાની અથવા બીજા હકની મુદત પુરી થવાને લીધે." જમીન ખેડવાના ભોગવટાની મુદત, ગણોતપુટામાં લખેલી હોય તે પુરી થવાથી, અથવા ગણોતપટામાં જે જે શરતો લખી હોય તે પ્રમાણે ગણોતીયો નહીં

ચાલવાથી, સાંચેલી છયા ગણોતે આપેલી જમીનનો કબજો તે જમીન માલીકને મામલતદાર, આ કાયદા મુજબ, તાબડતોબ પાછો અપાવી શકે છે.

"ફરીયાદીનું કારણ" દીવાની કોર્ટના હુકમનામાની બજાવણીમાં, બાલુ પાસેથી, વીનાયકને કબજો મળ્યો હતો. કબજો લીધા પછી તે જમીન વીનાયકે પાછી બાલુને સાંથી. પટાની મુદત પુરી થયે જમીનનો કબજો છોડવા બાલુએ ના પાડી, ત્યારે વીનાયકે મામલતદારની કોર્ટમાં કબજો લેવા દાવો કર્યો. "ફરી ફરીને હમે કંઇ કબજો અપાવતા નથી" એમ કહી તે દાવા અરજી મામલતદારે નામંજુર કરી અરજી દાખલ કરી નહીં. હાઇ કોર્ટમાં એ કેસ જતાં, હાઇ કોરટે ઠરાવ્યું કે, મામલતદારે અરજી લેવા ના પાડી એ ચુક કરી છે, બાલુએ કબજો આપવા ના પાડી એટલે, ફરીઆદ કરવાને નવું કારણ ઉત્પન્ન થયું. મામલતદારે ફરીઆદ અરજી દાખલ કરવી એવો હુકમ થયો. ઇં. લો રી. મુંબઇ ૨૦ પાનુ ૪૯૧.

"ચૈત્ર મહીનામાં" કબજો પાછો આપી દેવો એવું જ્યારે પટામાં લખ્યું હોય ત્યારે આખો ચૈત્ર માસ સમજવો. દાવાનું કારણ ચૈત્રના છેલ્લા દીવસની આખરથી શરૂ થયું એમ ગણવું જોઇએ. ઉમાબાઈ વી. હતુ. પ્રી. જ. પાનુ ૩૪ સન ૧૮૯૮.

રેવન્યુ કોડની કલમ ૮૪ નીચે મૂજબ છે:—

"એક વરસની ખેડ, ઉલટ પુરાવો ન હોય ત્યારે, ખેડવાની એક મોસમના છેડાથી ખેડવાની આગલી મોસમના છેડા સુધી ચાલે છે એવું અનુમાન કરવું જોઇએ. ખેડવાની મોસમ માર્ચ મહીનાની ૩૧ મી તારીખે પુરી થાય છે એવું અનુમાન કરવું જોઇએ.

એક વરસની ખેડ બંધ કરવી હોય તો ખેડ જે સાલની આખરે બંધ થશે એવું જણાવવાનું હશે તે ખેડની સાલની આખર અગાઉ નેદાન ત્રણ મહીના આગમચ લખેલી સુચના જમીનદારે ખેડુતને અથવા ખેડુતે જમીનદારને આપવી જોઇએ. સદરહુ પ્રકારની સુચના ઇ, પરિશિષ્ટમાં લખેલા નમુના પ્રમાણે જોઇએ અથવા તેવા મજકુરની જોઇએ."

જ્યારે પટા ઇયા કબુલતમાં, અમુક વખતે જમીન છોડી દેવાનું લખ્યું હોય ત્યારે, નોટીસ આપવાની જરૂર નથી. દતાત્રય વી. લક્ષ્મણ. પ્રી. જ. પાનુ ૨૧૮ સન ૧૮૯૪

જ્યારે જમીનદાર તથા તેના ગણોતીઆ વચ્ચે એવો કરાર હતો કે જમીનદાર જ્યાં સુધી વાડી ગણોતીઆ પાસે રાખે ત્યાં સુધી વારસીક સાંથની રકમ ગણોતીઓ આપે, અને જમીનદાર જ્યારે તે વાડી માગે ત્યારે ગણોતીઓ પાછી આપે, આવા કેસમાં હાઇ કોર્ટે ઠરાવ્યું કે જમીનદાર કોઇ પણ વર્ષની આખરે નોટીસ આપ્યા સિવાય, જમીન (વાડી) પાછી લઇ શકે, પણ વર્ષની વચમાં કબજો માગી શકે નહીં. બાલકૃષ્ણ વી. જાશા શીરલ પ્રી. જ. પાનું ૩૬ સન ૧૮૯૫.

જ્યારે જમીનદારની મંજુરીઅતથી, ગણોતીઓ, પટાના મુદત પુરી થયા પછી, જમીનમાં ચોમાસાનું તુલ વાવે, અને પાછળથી જમીનદાર કબજો માગે તો રીતસર કબજો છોડવાની નોટીસ વગર, મામલતદાર કબજો અપાવી શકે નહી.

"દાવા કરવાનો હક." ગાંડા માણસની જમીનનો જ્યાં સુધી કોઇ સન ૧૮૫૮ ના આકટ ૩૫ મુજબ મેનેજર નીમાય નહી "ત્યાં સુધી" તેની જમીનનો કબજો છોડાવવાનો હક તેની બાયડીને અગર બીજા કોઈ માણસને પ્રાપ્ત થતો નથી. બલવંત રામકૃષ્ણ બડવે વી અંબાબાઈ. ઇં. લો. રી. મું, ૧૫ પા. ૧૭૭

એક કેસમાં ब,એ કબજો લેવા દાવો કર્યો. अએ જાહેર કર્યું કે ब તેનો મુખત્યાર હતો, પરંતુ તેનું મુખત્યારનામું તેણીએ રદ કર્યું છે. તે ઉપરથી મામલતદારે अ ને સહ–વાદી તરીકે દાખલ કર્યો. હાઈ કોરટે ઠરાવ્યું કે अ, ને દાખલ કરવી ન હતી, પણ ब નો દાવો કહાડી નાખવો જોઇતો હતો, કારણ તેને દાવો કરવાનો હક નહતો.

ગણોતીઆના કબજામાંથી કોઇ જમીન જબરાઇથી લઇ લે તો, અથવા તેના કબજાને હરકત કરે તો, જમીનના માલીક ઇયાને જમીનદારને આ કાયદા મુજબ ફરીઆદ કરવાનો હક નથી, ખંડેરાવ વી. નરસીંગરાવ. પ્રી. જ. પાનું. ૧૩૦. સન ૧૮૯૪; વોહરા ઊકા દાદા વી. બાઇ જીવી, પ્રી. જ. પાનું. ૨૧૭. સન ૧૮૯૪.

સાર્વજનીક કુવામાંથી પાણી કહાડી, ઢોરને પીવા સારૂ હવાડામાં રેડવાના હકની ફરીઆદનો આ કાયદાની કલમ ૪ માં સમાસ થતો નથી. પણ જો હવાડો વાદીનો પોતાનોજ હોય, અથવા તે સ્વતંત્ર પોતાના કબજામાં હોય, અને લોકોના ઢોરને તે પાણી પીવા દેવાની રજા આપતો હોય તો તે વાત જુદી છે. પ્રી. જ, પાનું ૩૨૪, સન ૧૮૯૫.

સગીરના તરફથી તેની માએ, મામલતદારની કોરટમાં દાવો કર્યો. દાવા અરજી ઉપર સહી તથા ખરાપણાની પ્રતીજ્ઞાના લેખ ઉપર સહી વાદીના વકીલે કરી એ સબબથી આ કામ હાઇ કોરટમાં ગયું. ઠરાવ થયો કે સગીર તરફથી વકીલે સહી કરેલી તે બરાબર છે. સૈફુલા વી. હાજીમીઆ બો. લો. રી. પુ. ૧ પાનું. ૬૬૪.

ફરિયાદો બીજી કોર્ટમાં મોકલવાનો કલેકટરનો અધિકાર

૬. કલેકટર પક્ષકારોને યોગ્ય નોટીસ આપ્યા પછી, એકાદી ફરિયાદ પોતાના જીલ્લામાંના કોઇપણ મામલતદારની કોર્ટમાંથી પોતાના જીલ્લામાંના બીજા કોઇપણ મામલતદારની કોરટમાં લેખી હુકમથી મોકલવાને મુખત્યાર છે, અને જે મામલતદારની કોર્ટમાં, તે ફરિયાદ મોકલવામાં આવી હોય તેણે એવી ફરિયાદના સંબંધમાં પોતાની હકુમત ચલાવવી; પણ ૨૧ મી કલમની રૂયે જે કોઇપણ હુકમ ગામના કામદારોને કરવાના હોય તે હુકમ એવા કામદાર જે મામલતદારના તાબામાં હોય તે મામલતદારે કરવા.

ટીકા:–આવી સત્તા કલેકટરને જુના કાયદાથી નહતી આપેલી. જ્યારે કલેકટર કોઇ કેસ ટ્રાન્સફર કરે, ત્યારે તે કેસનો ફેસલો, જે તાલુકાની ફરીયાદ હોય તે તાલુકાના મામલતદારને લખી જણાવ્યાથી, તે મામલતદાર અમલમાં લાવશે; એટલે કલમ ૨૧ મુજબ બજાવણીનો હુકમ જેના તે ગામના અમલદારો ઉપર, તે કહાડશે.

ખાનદેશ જીલ્લામાં **બ** એ પોતાનો દાવો એક મામલતદારની કોર્ટમાંથી બીજા મામલતદારની કોર્ટમાં લઇ જવા હાઇ કોર્ટને અરજ કરી જણાવ્યું કે મારા દાવામાં પક્ષપાત થવાનો સંભવ છે માટે દાવો બીજી કોર્ટમાં મોકલો; હાઇ કોર્ટે ઠરાવ્યું કે દાવાઓ અરજ ઉપરથી ટ્રાન્સફર કરવાની હાઇ કોર્ટને સત્તા છે. તે પરથી **બ** નો દાવો નંદરબારના મામલતદારને ત્યાં મોકલવામાં આવ્યો. (ભગવાનદાસ વી. જેદુ. મુ. લો. રી. પુ. ૪. પા. ૯૭૦

ફરિયાદી કરવી હોય તે ફરિયાદ અરજી કરીને શરૂ કરવી. ફરિયાદ અરજીમાં લખવાની વિગત.

૭. આ આકટ પ્રમાણે કરવાની સઘળી ફરિયાદો ફરિઆદ અરજી કરીને શરૂ કરવી; તે અરજી વાદીએ ભર કોરટમાં મામલતદારને આપવી, અને તેમાં હેઠળ લખેલી વિગત લખવી:—

(અ) વાદીનું નામ, ઉમ્મર, ધર્મ, જાત, ધંધો તથા રેહવાનું ઠેકાણું;

(બ) પ્રતિવાદીનું નામ, ઉંમ્મર, ધર્મ, જાત, ધંધો તથા રેહવાનું ઠેકાણું;

(ક) જે મિલકતનો કબજો અથવા ઉપયોગ કરવાનું માગ્યું હશે તે મિલકતનો પ્રકાર તથા ઠેકાણું. અથવા જે તાકીદ આપવાની હશે તેનો પ્રકાર, જેમ હોય તેમ;

(ડ) જે તારીખે ફરિયાદનું કારણ ઉત્પન્ન થયું તે તારીખ;

(ઇ) જે હકીકત ઉપરથી ફરિયાદનું કારણ ઉત્પન્ન થયું તે હકીકત; અને

(ફ) વાદીના દસ્તાવેજ હોય તો તેમની અથવા તેના સાહેદો હોય તો તેમની યાદી, અને દરએક સાહેદ શો શો પુરાવો આપશે તે, અને ૧૪ મી કલમ પ્રમાણે નીમેલે દાહાડે તથા જગાએ હાજર થવા સારૂ તેવા સાહેદોને સમન કરવા ના છે કે વાદી તેઓને તે દાહાડે તથા જગાએ હાજર કરશે તે.

ટીકા—ફરીઆદ અરજી ઉપર આઠ આનાની કોર્ટફી ચોડવી જોઇએ. કોર્ટફી આકટ પરીશીષ્ટ ૨ જું. કલમ ૪.)

ફરીઆદ અરજીના નમુના માટે પરીસીષ્ટ कની નીચે જુઓ.

પારશી, મુસલમાન અને ક્રીશ્ચિયન લોકોની ન્યાત હોતી નથી. તેમનો ફક્ત ધર્મ લખવો.

આ કલમમાં કહેલી વીગતો મુખ્યત્વે કરીને "દરેક શાહેદ શો શો

પૂરાવો આપશે, ” ફરીઆદ અરજીમાં બરાબર રીતે લખી છે કે નહીં તે મામલતદારે અરજી લેતી વખતે સંભાળથી તપાસી જોવું જોઇએ.

ફરીઆદ અરજી સાથે તકરારી જમીનનો નકશો આપવાનો હુકમ કરવાનો મામલતદારને અધીકાર નથી. ચેનબસાયા વી. રૂદ્રાપા. ઇ. લો. રી. ૧૪ મુંબઇ પાનું ૫૮૧.

મુંબઇ હાઇકોર્ટ સીવીલ સરક્યુલર ઓરડર બુક:—

કલમ. ૧૯ अ. જે દાવાઓમાં સરકારી નોકરો, લશ્કરી ખાતાના સોલજર અમલદારો જેણે રજા લીધી હોય તે અને નેટીવ ઇનફન્ટ્રી રીઝર્વના માણસો પક્ષકાર હોય તે દાવાઓનો જેમ બને તેમ તાકીદે, રજીસ્ટર ઉપરના ક્રમને એક બાજુએ મુકી, નીકાલ કરવો.

ब. જ્યારે કોઇ દેશી અમલદારે અથવા સોલજરે રજા લીધી હોય અને તે રજા દરમ્યાન ફેસલો ન થાય તો તેની અરજ ઉપરથી જેટલા વધુ દીવસની રજાની જરૂર હોય તે બદલ સરટીફીકેટ આપવું.

क. જ્યારે કોઇ દેશી અમલદાર અથવા સોલજર કોર્ટને એમ અરજ કરે કે દાવાના કારણસર મને રજા મલતી નથી તો કોરટે તે કેસ મુલતવી રાખવો અને તેના ઉપરી અમલદારને વિનંતી કરી પુછવું કે સદરહુ સખસને રજા કયારે મળી શકશે કે તે પ્રમાણે મુદત પડાય.

પદ્ધતિનુસાર ન હોય તેવી અરજીઓને ફરિયાદઅરજીઓ ગણવી.

૮. જ્યારે ફરિયાદ, અરજીના રૂપમાં ન હોય એવી કોઇ અરજી મામલતદારને રજુ કરવામાં આવે અને તે અરજીનો વિષય ૫ મી કલમ માં સમાઇ જાય એવો છે એમ દેખાય ત્યારે, મામલતદારે, આ આકટ મુજબ શી શી દાદ મળી શકે છે તેનો પ્રકાર તે અરજી કરનારને સમજાવવો, અને તે અરજદાર તે અરજી ઉપરથી તે દાદ મેળવવા ઇચ્છે છે કે નહિ તેની તપાસ કરવી. જો અરજદાર એવી રીતે દાદ મેળવવાની ઇચ્છા દેખાડે તો, મામલતદારે તે ઇચ્છા તે અરજી ઉપર લખવી, અને ત્યાર પછી તે અરજી ૭ મી કલમની રૂયે રજુ કરેલી ફરિયાદ અરજી છે એમ ગણવું.

વાદીની સોગન ઉપર જબાની લેવી

૯. જ્યારે ફરિયાદ અરજીમાં, ૭ મી કલમમાં નિરદિષ્ટ કરેલી વિગતો લખી ન હોય, અથવા તેમાં નકામું લંબાણુ કર્યું હોય, ત્યારે, મામલતદારે વાદીની સોગન ઉપર તાબડતોબ જબાની લેવી, અને ૭ મી કલમમાં કહેલી જે વિગતો ફરિયાદ અરજીમાં સ્પષ્ટ રીતે અને ખરેખરી લખેલી ન હોય તે તેની પાસેથી જાણી લેવી, અને તે જબાની, તે ફરિયાદ અરજી ઉપર શેરાના રુપમાં અથવા તેને જોડેલી પુરવણીના રૂપમાં લખી રાખવી, અને પછી તે લેખી જબાની તે ફરિયાદ અરજીનો એક ભાગ છે એમ ગણવું. જ્યારે વાદી ૭ મી કલમમાં લખેલી વિગતોમાંની કોઈપણ વિગત મેળવવા માટે મુદત માગે, ત્યારે મામલતદારે, સઘળી બાબતોનો એકંદર વિચાર કરતાં જે મુદત યોગ્ય લાગે તે તેને આપવી.

ટીકાઃ—(કલમ ૮-૯) ખેડુતો ખાસ કરીને સીંધમાં પોતાની અરજીઓ દાવાઅરજીના રૂપમાં નહીં આપતાં સાધારણ અરજીના રૂપમાં ફરીઆદ આપે છે અને તે અરજી મામુલ રીત મુજબ ગામના અમલદારોપર રીપોર્ટ માટે મોકલવામાં આવે છે અને વ્યાજબી રીતે કામ ચાલવાનું અરજદારના જાણુવામાં આવે તે પહેલાં કોઇને કોઇપણુ કારણુસર મુદત વીતી જાય છે તેટલા માટે આ કલમો અજ્ઞાન વાદી તથા નિયમ વિરૂદ્ધ અરજ કરનારના હીત સાચવવાને દાખલ કરવામાં આવી છે. (સીલેકટ કમીટીનો રીપોર્ટ).

ફરિયાદ અરજી ઉપર સહી તથા ખરા પણાની પ્રતિજ્ઞા કરવી.

૧૦. ફરિયાદ અરજી રજુ કરવામાં આવી હોય અને તેના સંબંધમાં, જરુર હોય તો, ૯ મી કલમમાં કહેલી રીતે વ્યવસ્થા કરવામાં આવી હોય ત્યારે, મામલતદારે વાદીને તે અરજી ઉપર પોતાની રૂબરૂ ભર કોર્ટમાં સહી કરવાનું અને તેના ખરાપણાની પ્રતિજ્ઞાનો લેખ હેઠળ લખેલી રીતે અથવા તેવા મજકુરનો કરવાનું ફરમાવવું.

“હું, અ. બ, વાદી, એકરાર કરું છું કે આ ફરિયાદ અરજીમાં જે લખ્યું છે તે મારી ઉત્તમ માહિતગારી તથા સમજણ પ્રમાણે ખરું છે.”

ટીકા—ખોટો એકરાર કરવા બદલ, કલમ ૨૫ તથા તે નીચેની નોટ જુઓ. વાદીના વકીલે અરજીપર પોતાની સહી તથા ખરાપણાની પ્રતિજ્ઞા કરી હોય તો ચાલી શકે કારણ કલમ. ૩. મુજબ વાદીને પ્રતિવાદી. એ શબ્દોમાં કબુલ કરેલા પ્લીડરનો સમાસ થાય છે (સઇ ફુલ્લા. વિ. હાજીમીઆ. મુ. લો. રી. પુ. ૧. પા. ૬૬૪)

મામલતદારે શેરો લખવા બાબત.

૧૧. (૧) ફરિયાદ અરજી ઉપર સહી તથા ખરા પણાની પ્રતિજ્ઞાનો લેખ યોગ્ય રીતે કર્યો છે એવો શેરો મામલતદારે તે ફરિયાદ અરજી ઉપર લખવો.

વાદીને લખતાં આવડતું નહિ હોય ત્યારે કામ ચલાવવાની રીત.

(૨) વાદીને લખતાં આવડતું નહિ હોય, ત્યારે ખરાપણાની પ્રતિજ્ઞાનો લેખ તેની તરફથી ભર કોર્ટમાં બીજા પાસે લખાવવો અને તેના ખરાપણા બાબત તેણે પોતાના નામ આગળ પોતાની નિશાની કરવી, અને એવે પ્રસંગે મામલતદારે લખવું કે વાદીના કહ્યાથી મારી રૂબરૂ ખરાપણાની પ્રતિજ્ઞાનો લેખ કર્યો છે અને વાદીએ પોતાની નિશાની મારી રુબરુ કરી છે.

ટીકા—“અરજી ઉપર સહી તથા તેના ખરાપણાની પ્રતીજ્ઞાનો લેખ યોગ્ય રીતે કર્યો છે એવો શેરો તે અરજીની પીઠ ઉપર મામલતદારે લખવો,” કાયદો રચનારનો હેતુ એવો જણાય છે કે મામલતદારે પોતાને હાથે એવો શેરો લખવો—

૧૨ જ્યારે—

ફરિયાદઅરજી નામંજુર કરવા બાબત

(અ) વાદી કલમ ૯ પ્રમાણે સોગન ઉપર જબાની આપવાની ના કહે, અથવા

(ब) વાદી ૯ મી કલમ પ્રમાણે સોગન ઉપર જબાની આપવાને ખુશી હોય અથવા તેણે તેવી જબાની આપી હોય, પણ ૭મી કલમમાં લખેલી વિગત ૯મી કલમમાં કહેલી મુદતની અંદર આપવાની ના કહે, અથવા બીલકુલ આપેજ નહિ, અથવા

(क) ફરિયાદ અરજી ઉપરથી એમ દેખાય કે—

(૧) દાવો કરેલી મિલકત અથવા ઉપયોગ ૫ મી કલમમાં લખેલા પ્રકારનો નથી, અથવા

(૨) ફરિયાદ અરજી આપ્યાંની અગાઉ છ મહિનાથી વધારે મુદત ઉપર ફરિયાદનું કારણ ઉત્પન્ન થયું હતું, અથવા

(ड) વાદી, ફરિયાદઅરજી ઉપર કલમો ૧૦ તથા ૧૧ પ્રમાણે સહી અથવા તેના ખરાપણાની પ્રતિજ્ઞાનો લેખ કરવાનું ના કહે,

ત્યારે મામલતદારે તે ફરિયાદઅરજી નામંજુર કરવી.

ટીકા. આ કલમ પ્રમાણે અરજી નામંજુર કરતાં પહેલાં, વાદીને પુછેલા સવાલ જવાબો મામલતદારે લખી લઇ કામમાં સામેલ રાખવા જોઇએ. નેમાવા. વિ. ધાકીયા. પ્રી. જ. પા. ૫૦૧-૧૮૯૧.

“ દાવો કરેલી મીલકત અથવા ઊપયોગ કલમ. ૫ માં બતાવેલા પ્રકારમાંના કોઇપણ પ્રકારનો નથી ”—એટલે તે મીલકત અથવા ઉપયોગ સંબંધી સુખાધિકારનો અથવા હક સબંધનો દાવો હોય તો અરજી નામંજુર કરવી. વળી તે મીલકત અથવા ઊપયોગ વાદી પ્રતિવાદીનો મજીઆરો હોય તો પણ અરજી નામંજુર કરવી.

ફરીઆદીને લગતી વીગત-अએ કાયદા વીરૂધ રીતે જમીનનો કબજો મેળવી તે જમીન बને સાંથી, તો अ અને ब બેહુના ઉપર કામચાલી, જમીન પાછી લઇ શકાય. એવી હકીકત ફરીઆદ અરજીને લગતી છે. પ્રી. જ. પાનું. ૨૧ સન ૧૮૯૬.

સરવે નંબર લખવામાં ભુલથી એકને બદલે બીજો નંબર લખાયો હોય તો, તે અરજી દુરૂસ્ત કરાવવી જોઇએ, પણ દાવા અરજી કહાડી

નાંખવી નહી જોઇએ. મામલતદારને હાઇ કોરટે હુકમ કરયો કે અરજી દુરસ્ત કરાવી ફરીથી કેસ ચલાવવો મેરવાનજી વી. હોરમસજી. ઓ. લો. રી. પુ. ૧ પા. ૬૭.

વ નામના શખસે મામલતદારની કોર્ટમાં એક જમીનના ટુકડાની બાબતમાં ફરીયાદ કરી **અ** નામના સખસ ઉપર હુકમનામું મેળવ્યું. **વ**ને તા. ૨૬-૩-૯૬ ને રોજ તે જમીનનો કબજો આપવામાં આવ્યો હતો. તા. ૧-૬-૯૬ ને રોજે તેણે તે જમીન **બ** તથા **ક**ને સાંથી **અ**ની અરજી ઉપરથી તા. ૧-૯-૯૬ ને રોજ હાઈ કોરટે, મામલતદારનું હુકમનામું રદ કરયું. તા. ૧૯-૯-૯૬ ને રોજ **અ**એ કબજો લેવા, **વ**, **બ** તથા **ક** ઉપર ફરીઆદ અરજી કરી. મામલતદારે કહ્યું કે **બ** તથા **ક**નું નામ કહાડી નાંખી અરજી દુરસ્ત કરી આપો. **અ**એ અરજી દુરસ્ત કર્યા વગર તેની તેજ અરજી પાછી આપી અને કહ્યું કે કામ આગળ ચલાવવું જોઈએ. મામલતદારે અરજી ના મંજુર કરી. હાઇ કોરટે મામલતદારનો હુકમ રદ કરી, હુકમ કર્યો કે મામલતદારે તે અરજી દાખલ કરી, કામ ચલાવી તેના ગુણ દોષ ઉપર વિચાર કરી, તેનો નિકાલ કરવો. આવા કામમાં દાવાનું કારણ અને તારીખ, પ્રથમ કબજો લીધાની આપવી **બ** તથા **ક**ને કબજો આપ્યો તે વાત જે હકીકત ઉપરથી ફરીઆદીનું કારણ ઉત્પન્ન થયું તે હકીકતમાં લખવી. ઇ. લો. રી. ૨૨ મું. ૬૩૦.

અરજીમાં તકરારી મીલકતનું ક્ષેત્રફળ લખવામાં ભુલ થઇ હોય પણ ચતુરસીમા બરાબર ચોકસ લખેલી હોય તો તે અરજી ચાલશે. (વરજીવનદાસ વી. મહમદઅલીખાન ઇ. લો. રી. ૫. મુંબઇ. ૨૦૮)

૧૩. ફરિયાદઅરજીનો વિષય પોતાની હકુમતમાં નથી એવું મામલતદારની નજરમાં આવે, તો તે અરજી યોગ્ય કોર્ટમાં આપવા સારૂ તેણે પાછી આપવી.

ફરિયાદ અરજી પાછી આપવી.

ટીકા. "હકુમત" એટલે જે પ્રદેશમાં (તાલુકામાં) આ કાયદાની કલમ-૫-અનવે કાયદેસર અધિકાર આપવામાં આવેલો છે તે પ્રદેશ તથા અધિકાર. દીવાની કોરટના હુકમનામાની બજાવણીમાં જે માણસને કબજો મળ્યો હોય, તેની પાસેથી કબજો લઇ લેવાનો મામલતદારને અધીકાર નથી. મામલતદાર દીવાની કોરટનો હુકમ રદ કરી શકે નહી. બાલુ. વી. બાલું. બોલો-રી-પૂ. ૧. પા. ૩૮૪.

નીચે બતાવેલી બાબતોમાં, મામલતદાર અરજી પાછી આપી શકેઃ-

(૧) જ્યારે દાવાવાળી મીલકત પોતાના તાલુકામાં ન હોય ત્યારે.

(૨) આ કાયદાની કલમ. ૨૬. ના ઠરાવો મુજબ જે દાવા સાંભળવાની મના કરેલી છે તેવા દાવા.

(૩) જો અરજી ઉપરથી એમ જણાય કે દાવાવાળી મીલકતના ઘણા માલીકો છે, અને અરજી તો એકાદ જણાએ આપી છે તો (સઘળા માલીકોએ એકત્ર મળીને દાવો લાવવો જોઇએ.) ઈ. લો. રી. ૨૧ મુંબઈ-૧૫૪; ૧૦ મુંબઇ-૩૨.

(૪) જ્યારે મામલતદાર પોતે વાદી યા પ્રતીવાદી હોય ત્યારે. કારણકે કાયદાનું એક સુત્ર છે કે કોઇપણ માણસ પોતાના કામનો પોતે ઇનસાફ કરી શકે નહીં.

(૫) જ્યારે મામલતદારને આવા દાવાના કામમાં કંઇ હિત રહેલું હોય અને તેથી તેનું વલણ એક તરફ થઇ જાય તો. દાખલા તરીકે, અમદાવાદ જીલ્લાના ધંધુકા તાલુકાના રોજકા ગામના સગીર ગરાશીઆ ગગુભા દીપસંગજીનું એસ્ટેટ, સરકારની જપ્તીમાં હતુ તે દરમીયાન તે એસ્ટેટની થોડી જમીન-ખેડુતની દાંડાઇને લીધે, તેની પાસેથી છોડાવવાની હતી-તે કામમાં મામલતદારે વાદી તરફે કરેલો હુકમ મુંબઇ હાઇ કોરટે રદ કર્યો હતો. કારણકે સગીર તરફથી મામલતદારનું એ કામમાં હીત રહેલું હતું. પ્રી. જ. પા. ૩૦-૧૮૯૪.

(૬) તેજ પ્રમાણે જો કોઇ પક્ષકાર મામલતદારનો ચાકર ઇયા સગો સંબંધી હોય તો.

ઉપરની પેટા કલમ (૧) માં કહેલા પ્રસંગે, જે તાલુકાની હદમાં દાવાવાળી જમીન હોય-તે તાલુકાના મામલતદારને અરજી આપવી જોઇએ પેટા કલમ ૨-૩ માં કહેલે પ્રસંગે યોગ્ય દીવાની કોરટમાં દાવો કરવો જોઇએ. પેટા કલમ (૪) થી તે (૬) સુધીમાં વર્ણન કરેલા પ્રસંગે દાવો બીજી કોરટમાં ટ્રાન્સફર કરવાને કલેકટર અથવા હાઇ કોરટને અરજ કરવી.

ફરિયાદઅરજી લેવા લાયક હોય ત્યારે કામ ચલાવવાની રીત.

૧૪. (૧) ફરિયાદઅરજી લેવા લાયક હોય તો મામલતદારે તે લઇને ફૈલ કરવી. તેણે પછી તે મુકદ્દામાના ઇનસાફ સારૂ એક સગવડ ભરેલો દિવસ તથા જગા નિમવી, અને આ પરિશિષ્ટના નમુના પ્રમાણેની નોટીસ વાદીને ખરચે પ્રતિવાદી ઉપર

કાઢવી. પછી તેણે વાદીને નિમેલે દાહાડે તથા જગાએ, પોતાના દસ્તાવેજ તથા સાહેદો (જો હોય તો) સાથે લઇને હાજર થવાનું ફરમાવવું.

(૨) મુકદમાના ઇનસાફ સારૂ તારીખ ઠરાવવી તે, જે તારીખે નોટીસ કરી હોય તે તારીખથી દસ દીવસની અંદરની તથા પંદર દિવસ પછીની ઠરાવવી નહિ, પણ મામલતદાર પુરતાં કારણ સર તેમ ન કરવાને મુખત્યાર છે, અને તે પ્રસંગે તેણે તે કારણો પોતાને હાથે નોંધી મુકવાં.

ઇનસાફની તારીખ

(૩) મુકદમાના ઇનસાફ સારૂ જગા ઠરાવવી તે, કાં તો મામલતદારની કચેરી ઠરાવવી, અથવા તકરાર જે ઠેકાણે ઉત્પન્ન થઇ હોય તે જગા અથવા તેની પડોશની જગા ઠરાવવી, અથવા મામલતદારનો મત પ્રમાણે જે બીજી જગા પક્ષકારોને સગવડભરેલી હોય તે ઠરાવવી.

ઇનસાફની જગા.

ટીકા. "વાદીને ખરચે"—એકજ પ્રતીવાદી હોય તો, નોટીસના ત્રણ આના અને એકથી વધારે હોય અને તેઓ એકજ ગામના રહીશ હોય અને નોટીસ કહાડવાને તેજ વખતે અરજ કરી હોય તો, બીજા દરેક માટે બબે આના નોટીસ ખરચના વાદીએ આપવા જોઇએ. (હાઈ કોર્ટ સીવીલ સરકયુલર ઓરડર બુક).

એ નોટીસ જે માણસ ઉપર બજાવવાની હોય તેને એક નકલ આપવી અથવાતો તેનો મુખત્યાર કોઇ હોય તો તેને આપવી. અથવા તો જે જમીનના સંબંધમાં એ નોટીસ નીકળેલી હોય તેના કોઈ દેખીતા ભાગ ઉપર ચોહોડવી જોઇએ. (રેવન્યુ કોડ કલમ. ૧૯૧).

(૨) સીંધમાં પીઆવાની જમીનો બાબતમાં તાકીદથી ઇલાજો લેવા જોઇએ માટે દસ દીવસથી ઓછી મુદત નાંખવાનો મામલતદારને અધિકાર આપવામાં આવ્યો છે. (સીલેકટ કમીટીનો રીપોર્ટ).

(૩) ઇનસાફની જગા મામલતદારે પક્ષકારોની સગવડતા સચવાય એવી નીમવી એવો આ કલમનો હેતુ છે. પક્ષકાર શબ્દોમાં પ્લીડરોનો પણ સમાસ થાય છે.

૧૫. (૧) જે દિવસ તથા જગા નીમી હશે તે દિવસે તથા તે જગાએ પોતાના સાહેદોએ હાજર રહેવા સારૂ તેઓને સમન કરવા એવું હરકોઇ પક્ષકાર કહે, તો તે કામ સારૂ મામલતદારે સમન આપવા.

સાહેદોએ હાજર થવા બાબત.

(૨) જે કોઇ સાહેદ એવે વખતે હાજર થવાને ચુકે અને સમન પ્રમાણે હાજર થવાનું તેને બની આવે એવી મુદતમાં તે સમન તેના ઉપર બજાવવામાં આવ્યો છે એમ સાબિત થાય અને તે એવી રીતે હાજર ન થયો તેનો યોગ્ય સબબ બતાવવામાં ન આવે તો, મામલતદાર, એવા સાહેદને પકડવા સારૂ વારંટ કાહડવાનાં પોતાનાં કારણ લખીને વારંટ કહાડવાને મુખત્યારછે.

સાહેદને પકડવા સારૂં વારંટ કયારે કહાડવું.

(૩) સાહેદોને આ પ્રમાણે હાજર કરાવવામાં થયલો ખર્ચ આપવા બાબતનું નિયમન, સબૉર્ડિનેટ સિવિલ કોર્ટોમાં સાહેદોને હાજર કરાવવાના સંબંધમાં વખતે વખતે અમલમાં હોય તે કાનુનો પ્રમાણે કરવું.

સાહેદોને હાજર કરવામાં થયલો ખર્ચ.

ટીકા—સમન્સ કેવી રીતે તૈયાર કરવાં અને બજાવવા તે સારૂ રેવીન્યુ કોડ કલમ ૧૮૯–૧૯૦ અને ૧૯૨ જુવો.

"પ્રોસેસ ફી"—એટલે સાહેદોને હાજર કરવા બાબત જે ખરચ થાય તે. સાહેદના દરેક સમન્સ બદલ ત્રણ આના ફી ઠરાવેલી છે. તેજ ગામમાં રહેનાર દરેક વધારાના સાક્ષી માટે, જો એકી વખતે સમન્સ કહાડાવે તો બબે આના ફી ઠરાવેલી છે. કોરટે પોતાની ખુશીથી સમનસ કહાડયો હોય તો ફી લેવાની નથી.

જે દીવસે સાહેદોને બોલાવેલા હોય તે દીવસે, કોર્ટ બેઠી ન હોય, અથવા તે કામ ચાલ્યું ન હોય, અથવા પુરૂ ન થયું હોય એ કારણોસર જ્યારે સાક્ષીઓને સમન્સ કરવા પડે તો ફરી સમન્સ કહાડવા બદલ કાંઇ પણ ફી લેવાની નથી. (હાઇ કોર્ટ સીવીલ સરકુલર ઓરડર બુક)

ઘણું કરીને મામલતદારની કચેરીના સીપાઇઓ આવા સમન્સ બજાવે છે. પરંતુ આવા કામસર બેલીફ રાખી તેનો પગાર પ્રોસેસ ફીમાંથી આપવાને છુટ છે. સરકારનો ઠરાવ નં. ૪૭૦૨. તા. ૧૮-૮-૧૮૭૩.

તાબાની દીવાની કોર્ટોએ મુસાફરી ખરચ અને ખોરાકી ખરચ સાહેદોને કેટલો આપવો તે બદલ હાઇ કોર્ટે નીચેની મતલબની રૂલો કરેલી અમલમાં છેઃ—

(ए) યુરોપીઅન તથા ઇસ્ટ ઇંડીઅન સાહેદોને વાહન બદલ, માઇલે ૭ આના કરતાં વધારે ન હોય તો, ખરેખરો થયેલો ખરચ આપવો. તેઓ જો માગે તો, કોર્ટે જવા આવવા બદલ તથા ત્યાં હાજર રહેવા બદલ ખોરાકી ખરચના રૂા. ૨-૮-૦ સુધી આપવા.

(बी) ઊંચી કોમના દેશી સાહેદો, જેવા કે, પટેલ. પંધરપેશા, વેપારીઓ, વકીલો અને એવા દરજ્જાના ગૃહસ્થોને ખોરાકી બદલ રોજના રૂ ૦-૮-૦ થી તે રૂ ૧-૦-૦ સુધી આપવો, કારીગરને રૂ ૦-૬-૦ આપવા.

(सी) ચાકર અને ખેડુત વર્ગના દેશી સાક્ષીઓ, જેઓ સાધારણ રીતે. ઘેરથી બહાર જાય ત્યારે ખુશીથી કંઇ ખરચ કરતા નથી, એવા સાક્ષીઓને ખોરાકી ખરચ બદલ રોજના રૂ ૦-૪-૦ આપવા.

(डी) ઉપરની (बी) અને (सी) રકમમાં બતાવેલા સાક્ષીઓને, રેલ્વે અને બીજો મુસાફરી ખરચ, ખરેખરો થયો હોય તે, જો વ્યાજબી હોય તો આપવો. જ્યારે કોરટમાં જવાની તથા આવવાની મુસાફરી રેલવે મારફત, ઇયા બીજા વાહનથી કરી હોય તો, જેટલા વખત ખરેખરી મુસાફરીમાં ગયો હોય, તેટલા બદલ ખોરાકી ખરચ આપવો. જ્યારે મુસાફરી પગ રસ્તે કરી હોય, ત્યારે રોજના ૧૫ માઇલ મુજબ ગણવા અને તે પ્રમાણે ખોરાકી ખરચ આપવો.

(इ) ઉપરની રૂલોમાં નહીં જણાવેલી ખાસ બાબતોમાં દરેક કેસના ગુણ દોષ ઉપર વીચાર કરી, કોર્ટે પોતાનુ ડહાપણ વાપરી, ખોરાકી ખરચ તથા મુસાફરી ખરચ, માગે તો આપવો.

કોરટમાં હાજર રહે તે વખતના લેણા થયેલા ખોરાકીના પૈસા, રોજના રોજ આપવા જોઇએ

૧૬. (૧) નીમેલે દિવસે તથા જગાએ વાદી હાજર થવાને અથવા પોતાના દસ્તાવેજ હોય તો તે રજુ કરવાને અથવા પોતાના સાહેદો હોય તો તેમને હાજર કરાવવાની તજવીજ કરવાનું ચુકશે, તો મામલતદારે, પ્રતિવાદી હાજર થાય કે ન થાય તોપણ, પ્રતિવાદી દાવો કબુલ કરે તે શિવાયને પ્રસંગે, ફરિઆદ અરજી ખરચ સુદ્ધાં કહાડી નાંખવી.

વાદી હાજર ન હિ થાય તો, ખરચ તેની ઉપર નાખીને ફરિયાદ અરજી કહાડી નાંખવી.

(૨) કલમ ૧૪, પેટા કલમ (૧) માં ફરમાવ્યા પ્રમાણે વાદી હાજર થાય, પણ પ્રતિવાદી હાજર ન થાય, અને પ્રતિવાદી ઉપર યોગ્ય રીતે નોટીસ બજાવી છે, અને નોટીસમાં ઠરાવેલે દિવસે પ્રતિવાદી હાજર થઈ શકે તથા જવાબ દઇ શકે એવા પુરતા વખતમાં તે બજાવી છે એવી પોતાની આગળ પડેલા પુરાવા ઉપરથી મામલતદારની ખાતરી થાય તો, તેણે ફરિયાદઅરજીની એક તરફી ચોકશી કરીને નીકાલ કરવો:

પ્રતિવાદી હાજર ન થાય તો મુકદ્દમાની એકતરફી ચોકશી કરવી.

પણ એવું ઠરાવ્યું છે કે, પેટા કલમ (૧) ની રૂયે ફરિયાદ અરજી કહાડી નાખ્યાની અથવા પેટા કલમ (૨) પ્રમાણે એક તરફી નીકાલ કર્યાની તારીખથી ૩૦ દિવસમાં કોઇપણ વખતે બેમાંનો કોઈ પક્ષકાર હેઠળ લખ્યા પ્રમાણે મામલતદારની ખાત્રી કરશે, એટલે, પ્રસંગ પ્રમાણે કાંઇ લાચારીની હકીકતથી મારાથી હાજર થવાયું નહીં, અથવા મારા દસ્તાવેજ રજુ કરાયા નહિ અથવા મારા સાહેદો હાજર કરી શકાયા નહીં એવી ખાત્રી કરશે તો, મામલતદાર ને અરજદારને ખરચે પ્રતિપક્ષકાર ઉપર બ પરિશિષ્ટના નમુના

પણ પુરતું કારણ દેખાડવામાં આવે તો મુકદ્દમાની ફરી ચોકશી કરવાનો અધિકાર છે.

પ્રમાણેની નોટીસ કરવાનો, અને, પ્રતિપક્ષકારનું કહેવું સાંભળ્યા પછી અરજદાર કહે છે તે પ્રમાણે તેને હાજર રહેવામાં ખરેખરો અટકાવ થયો હતો એવી પોતાની ખાત્રી થાય તો, પોતે તે વ વખતે ઠરાવે તે જગાએ તથા વખતે તે મુકદમાની ફરી ચોકશી કરવાનો અધિકાર છે.

અથવા વાદીને પોતાની ફરીયાદ પાછી ખેંચી લેવાનો અધિકાર છે.

વળી એવું ઠરાવ્યું છે કે, વાદીને, પ્રતિવાદીનો ખરચ આપીને પોતાની ફરિયાદ પાછી ખેંચી લેવાનો ઉપરના કોઇપણ ઠરાવો ઉપરથી બાધ આવતો નથી.

ટીકા—એક તરફી ચોકશી કરવા માંડતા પહેલાં, નોટીસ યોગ્ય રીતે અને પ્રતીવાદી જવાબ દઇ શકે એવા પુરતા વખતમાં બજાવી છે એવો બેલીફનો જવાબ કામમાં દાખલ કરી ખાતરી કર્યા બાદ, મામલતદારે એક તરફી ચોકસી કરવી. ફકી અબદુલ વી૦ ફકી કમરૂદીન. પ્રી. જ. પા. ૨૫૧. સને ૧૮૯૦.

“ મામલતદારની ખાતરી કરશે ” એફીડેવીટથી કરી શકાય.

“ લાચારીની હકીકત ”—એટલે અનીવાર્ય કારણો, એક કેસમાં એવું બન્યું હતું કે, પક્ષકાર હાજર થયો નહી, તેથી મામલતદારે એક તરફી ચોકસી કરી હુકમ કરયો. પ્રતીવાદીએ ફરીથી ચોકસી કરવા માટે મામલતદારને અરજ કરી અને એમ બતાવ્યું કે મારો પગ ભાંગી ગયો હતો તેથી ઠરાવેલી તારીખે હાજર થઇ શકયો નહોતો હાઇ કોરટે ઠરાવ્યું કે આ કારણ અનીવાર્ય નહતું એટલે ગાડીમાં બેસી કોર્ટ જઈ શકાય એમ હતું ગોહેલ મેરૂ વી૦ વલો વસ્તાઅભલ પ્રી. જ. પા. ૨૧૯ સન ૧૮૮૮.

એક કામમાં કેટલાક પ્રતીવાદી હતા. જાનકીબાઇ તેમાંની એક હતી. જાનકીબાઇના તરફથી મુખત્યાર હાજર થયો, તેને મામલતદારે કબુલ રાખ્યો નહીં તેતો વ્યાજબી કર્યું પણ વકીલ લાવવાને માટે મુદત માગી તે આપી નહીં અને બધા પ્રતીવાદીઓ વીરૂધ હુકમ કર્યો. જાનકીબાઇએ હાઇ કોરટમાં અરજ કરી તે ઉપરથી ઠરાવ થયો કે, જાનકીબાઇના વીરૂધ નો ફેંસલો “એક તરફી” હતો. તેણી આ કલમ પ્રમાણે ફરી ચોકસી કરવાને, મામલતદારને અરજ કરી શકે. જાનકીબાઇ વી. ગણેશભટ પ્રી. જ. પા. ૩૨૬, સન ૧૮૯૦

પેટા કલમ (૩) "પ્રતીવાદી દાવો કબુલ કરે તો" મામલતદારે અરજી નામંજુર નહી કરતાં વાદીના લાભમાં હુકમ કરવો.

ઠરાવેલે દીવસે વાદી પોતાનો પુરાવો લઇ હાજર ન થવાથી (પ્રતીવાદી હાજર હોય કે ન હોય) તેની અરજી આ કલમ પ્રમાણે નામંજુર થઇ હોય, તો એ કામની ફરી ચોકશી કરવા સારૂ દીન ૩૦ ની મુદતમાં અરજી કરવી જોઇએ પણ તેના તેજ કારણો ઉપરથી નવો દાવો લાવી શકે નહીં. ગુલાબભાઇ શંકરજી વી. કસનજી ડાયાભાઇ પ્રીં. જ. પા. ૨૪૬–૧૮૯૭.

આ કલમ પ્રમાણે દાવો નામંજુર કરવામાં આવે તે છેવટનો ફેંસલો સમજવો તેથી વાદી જેની દાવાઅરજી ગેરહાજરીમાં કહાડી નાંખેલી તે વાદી તેના તેજ કારણોસર બીજો દાવો, મામલતદારની કોર્ટમાં લાવી શકે નહી. પ્રી. જ. પા. ૧૬૦. સને ૧૮૮૨.

"સમનની તારીખમાં ભુલ":—સમનમાં તા. ૨૦ મી નાંખેલી તે તા. ૨૭ મી વંચાઇ તે પરથી કોઇપણ હાજર થઇ શકયું નહી. મામલતદારે દાવો કાઢી નાંખ્યો. કલેકટરના જાહેર કરવાથી હાઇકોર્ટે ઠરાવ્યું કે પરીશિષ્ટ અ મુજબ નોટીસ કાઢી દાવો ફરીથી ફાઇલ પર લેવો. (ચીમો. વી. ભીમાયા રામજી. પ્રી. જ. ૧૮૯૮. પા. ૪૦).

કામ મુલતવી રાખવાનો કયારે અધિકાર છે.

૧૭. (૧) જયારે, ૧૬મી કલમની પેટા કલમ (૨)માં લખેલે પ્રસંગે, મામલતદારની પોતાની આગળ પડેલા પુરાવા ઉપરથી પ્રતિવાદી ઉપરની નોટીસ યોગ્ય રીતે અને તેમાં લખેલે દિવસે તથા જગાએ પ્રતિવાદી હાજરથઇને જવાબ દઇ શકે એટલી પુરતી મુદતની અંદર બજાવવામાં આવી છે એવી ખાત્રી ન થાય ત્યારે; તેણે તે મુકદમાનું કામ મુલતવી રાખવું, અને પ્રતિવાદી ઉપર ૧૪મી કલમની પેટા કલમ (૧) પ્રમાણે નવી નોટીસ કાહાડવી.

(૨) જે સાહેદને યોગ્ય રીતે સમન કર્યો હોય અથવા જેને પકડવા માટે ૧૫મી કલમની પેટા કલમ (૨)ની રૂયે વારંટ કાહાડયું હોય તે ઠરાવેલે દહાડે તથા જગાએ હાજર થવાને ચુકશે તો મામલતદાર, હાજર હોય તે લોકોની સાહેદી ઉપરથી પો-

તાને એમ દેખાય કે તેમ કરવા સારૂ પુરતું કારણ છે તો તે સાહેદને જબરીથી હાજર કરવામાં આવે ત્યાંહાં સુધી ફરિયાદ ની ચોકશી કરવાનું કામ વખતે વખતે મુલતવી રાખવાને મુખત્યાર છે.

દસ દિવસથી વધારે મુલતવી રાખવું નહીં.

(૩) મામલતદાર, બીજા કોઇ પણ પુરતા કારણુસર (આ કારણું તેણે લખી રાખવાં) એવા કામનો ઇનસાફ પોતાને યોગ્ય લાગે તેટલી મુદત સુધી મુલતવી રાખવાને મુખત્યાર છે, પણ તે મુદત મામુલ પ્રસંગે દસ દિવસથી વધારે હોવી ન જોઇએ.

(૪) આ કલમ પ્રમાણે જે તારીખ ઉપર કામ મુલતવી રાખ્યું હોય તે તારીખ તે ચોકશી સારૂ મૂળની ઠરાવેલી તારીખ હોય તે પ્રમાણે તે તારીખને ૧૫મી તથા ૧૬ મી કલમોનો ઠરાવ લાગુ પડશે.

ટીકા—"સમન મોડો બજવો"—એક પ્રતિવાદીના ઉપર ૨૩ મી ડીસેમ્બર સને ૧૮૮૭ ને રોજ સમન બજયો પોતાનો પુરાવો રજુ કરવાને પ્રતિવાદીએ મુદત માગી તે મામલતદારે આપી નહીં અને તે કામનો બીજે દીવસે નીકાલ કીધો. આ ઉપરથી પ્રતિવાદીએ અરજ કરવાથી હાઇ કોર્ટે ઠરાવ્યું કે પ્રતિવાદીને યોગ્ય નોટીસ આપવી જોઇતી હતી તે આપેલી ન હોવાથી બીજે દીવસ ચોકસી કરવા માટે નીમવો જોઇતો હતો. મુસા. સુલેમાન ૰વ. સુલેમાન વલી. પ્રી. જ પા. ૧૮૫ સને ૧૮૮૮

સગીરને પક્ષકાર કરવાનો અધિકારછે.

૧૮. (૧) જો એકાદા સગીરનો કુદરતી અથવા યોગ્ય રીતે નિમાયલો વાલી હોય તો, તેને ફરિયાદ કરવાનો અથવા તેના ઉપર ફરિયાદ કરવાનો અધિકાર છે.

વધારે પક્ષકારો દાખલ કરવાનો અધિકાર.

(૨) મામલતદાર, કામ ચાલતું હોય ત્યારે કોઇ પણ વખતે, જે શખસને દાવો કરેલી (મિલકતનો અથવા ઉપયોગનો અથવા એના કોઈ પણ ભાગ નો કબજો અથવા ભોગવટો તબદીલ કરી આપ્યો હશે તે શખસનું નામ, અથવા મુદ્દાનો પરિપૂર્ણ રીતે અને ઉત્તમ રીતે ઠરાવ કરવાનું કોર્ટને બની આવે તેટલા

માટે જેને પક્ષકાર તરીકે દાખલ કરવાની જરૂર હોય તે શખસ નું નામ, તે મુકદમાની હકીકત ઉપરથી, જરૂર હોય તે પ્રમાણે, વાદી અથવા પ્રતિવાદી તરીકે દાખલ કરવાનો હુકમ કરવાને મુખત્યાર છે.

પણ એવું ઠરાવ્યું છે કે કોઇ પણ શખસને તેની સંમતિ વગર વાદી તરીકે દાખલ કરવો નહિ.

વળી એવું ઠરાવ્યું છે કે, ફરિયાદ ચાલતી હોય તે દરમિયાન જેને નામે મિલકત વિગેરે તબદીલ કરી આપી હોય તેવા શખસ શિવાયના બીજા જે શખસનું નામ સદરહુ પ્રમાણે ઉમેર્યું હોય તેની બાબતમાં સદરહુ ફરિયાદ, ૫ મી કલમની પેટા કલમ (૩) નાં કારણ સારૂ, એવા શખસનું નામ જે તારીખે ઉમેર્યું હોય તે તારીખે માંડવામાં આવી છે એમ સમજવું.

(૩) ફિરયાદ ચાલતી હોય તે દરમિયાન કોઇપણ પક્ષકાર મરણ પામે તે પ્રસંગે.

પક્ષકારનું મરણ થાય તે પ્રસંગે કામ ચલાવવા ની રીત.

(૧) એવા મરણની તારીખ પછી એક મહિનાની અંદર અરજી કરવામાં આવે તો, મામલતદારે તે મૈયત પક્ષકારનો કાયદાસર વારસ વકીલ કોણ છે તે સંક્ષિપ્ત ચોકસી કરીને ઠરાવવું અને એવા વારસ વકીલનું નામ દફતરમાં તેણે દાખલ કરવું.

(૨) જો એવી અરજી કરવામાં ન આવે તો, તે ફરિયાદ બંધ પડશે.

(૪) જયારે મામલતદાર કોઇપણ શખસનું નામ પ્રતિવાદી તરીકે ઊમેરવાનો હુકમ કરે અથવા મૈયત પ્રતિવાદીના કાયદેસર વારસ વકીલ તરીકે કોઇપણ શખસનું નામ

દફતરમાં દાખલ કરે ત્યારે, તેણે એવા શખસ ઉપર ૧૪ મી કલમમાં ઠરાવ્યા પ્રમાણેની નોટીસ કાહાડવી; અને ઈનસાફનું કામ એવી નોટીસમાં લખેલે દિવસે ચાલશે.

ટીકા. સગીરના વિરૂદ્ધ દાવો થઇ શકે છે, પરંતુ તેનો યોગ્ય રીતે નીમાયલો વાલી ન હોય તો, તેના વિરૂદ્ધ હુકમનામું થઇ શકે નહીં. એક કામમાં સગીરની માતુશ્રીએ વાલી થવા ના પાડી હતી, તે કામમાં હાઇ કોરટે એવું ઠરાવ્યું હતું કે, મામલતદારે, કામ પુરતો વાલી થવાને કબુલ હોય એવા યોગ્ય સખસને વાલી નીમવો જોઇતો હતો. (સીદાપા. વી. નહસીંહ આચાર્ય. પ્રી. જ. પા. ૭૦૭. સને ૧૮૯૧)

"તબદીલ" એટલે ગીરો, વેચાણ, બક્ષીસ કે ગણોતપટાથી કોઇ મીલકત બીજાને કરી આપવી તે.

કામ ચાલતાં દરમીઆન અથવા કામ પુરૂં થતાં દાવાવાળી મીલકત બીજાને નામે કરી આપી, કબજો આપવામાં થતી હરકત દુર કરવાના હેતુથી પક્ષકારમાં વધારો કરવાનો અધિકાર આપ્યો છે.

ચોકસી વખતે જે વાતોનો મામલતદારે નિકાલ કરવાનો તે.

૧૯. (૧) નીમેલે દાહાડે અથવા જે દીવસ ઉપર કામ મુલતવી રાખ્યું હોય તે દાહાડે મામલતદારે, ૧૬ મી કલમના ઠરાવોને પાત્ર, પોતાની રૂબરૂ જે પુરાવો ત્યાંને ત્યાં હોય તે સઘળો સાંભળવો તથા હેઠળ લખેલા મુદ્દાઓનો ઈન્સાફ કરવા માંડવું, એટલે:—

(અ) જો વાદી એમ કહેતો હશે કે મારો અમુક મિલકતનો કબજો ગેરકાયદેસર રીતે તોડવામાં આવ્યો છે અથવા અમુક ઉપયોગ કરવાનું છીનવી લેવામાં આવ્યું છે, તો:—

(૧) દાવો કરેલી મિલકતનો અથવા ઉપયોગનો કબજો અથવા ઉપભોગ વાદીની પાસે અથવા તેની વતી કોઇ માણસની પાસે અથવા જેની મારફત તે દાવો કરતો હોય તેની પાસે, ફરિયાદ ફૈલ થયાની અગાઉના છ મહિનાની અંદર કોઇપણ વખતે હતો કે કેમ;

(૨) ફરિયાદની વખતે પ્રતિવાદીનો કબજો છે કે કેમ, અને હોય તો, તેણે તે કબજો કાયદા પ્રમાણે યોગ્ય રીતે કામ ચલાવ્યા વગર બીજી રીતે લીધો છે કે કેમ;

(ख) જો વાદી એમ કહેતો હશે કે, અમુક મિલકત બાબત અથવા ઉપયોગ બાબત પ્રતિવાદીનો સત્તાપ્રકાર અથવા બીજો હક્ક પુરો થયાને લીધે તે મીલકતનો કબજો કરવાનો અથવા તે ઉપયોગ કરવાનું પાછું મળવાનો મારો હક્ક છે, તો:—

(૧) વાદી પાસેથી અથવા જે માણુસની મારફતે વાદી દાવો કરતો હોય તે માણુસ પાસેથી પ્રાપ્ત થયેલા હક્કથી તે મિલકતનો કબજો અથવા તે ઉપયોગનો ઉપભોગ પ્રતિવાદી કરે છે કે કેમ;

(૨) ફરિયાદ ફૈલ કર્યાની અગાઉના છ મહિનાની અંદરના હરકોઇ વખતે એવો હક્ક પુરો થયો છે કે કેમ;

(૩) સદરહુ પ્રતિવાદી જે માણસ દાવોં કરેલી મિલકતનો અથવા ઉપયોગનો ફરિયાદ માંડયાની અગાઉનાં બાર વર્ષની મુદતની અંદર અગાઉનો ધણી અથવા અંશતઃ ધણી હોય તે માણુસ સિવાય તથા એવા અગાઉના ધણી અથવા અંશતઃ ધણીના કાયદેસર વારસ વકીલ શિવાય બીજો કોઇ માણુસ છે કે કેમ;

(क) જો વાદી એમ કહેતો હશે કે તે મિલકતનો* કબજો અથવા ઉપયોગનો ઉપભોગ હજુ સુધી મારી પાસે છે, પણ મારા કબજાને અથવા ઉપયોગને પ્રતિવાદી હરકત અથવા અડચણ કરે છે અથવા હરકત અથવા અડચણ કરવાનો તેણે યત્ન કર્યો છે, તો:—

(૧) દાવો કરેલી મિલકતનો અથવા ઉપયોગનો કબજો અથવા ઉપભોગ વાદીની પાસે અથવા તેની વતી કોઇપણ માણસની પાસે ખરેખર છે કે કેમ;

(૨) તેના સદરહુ પ્રકારના કબજાને અથવા ઉપભોગને પ્રતિવાદી હરકત અથવા અડચણ કરે છે કે કેમ અથવા પ્રતિવાદીએ હરકત અથવા અડચણ કરવાનો યત્ન કર્યો છે કે કેમ;

(૩) ફરિયાદ ફૈલ થયાની અગાઉના છ મહિનાની અંદર, સદરહુ પ્રકારની હરકત અથવા અડચણ, અથવા સદરહુ પ્રકારની યત્ન કરેલી હરકત અથવા અડચણ પ્રથમ શરૂ થઇ કે કેમ.

બીજા સાહેદોની જબાની લેવાનો તથા તકરારી મીલકત જોવાનો તથા દસ્તાવેજ માંગવાનો મામલતદારનો અધિકાર

(૨) મામલતદારને તેમ કરવું ન્યાયનાં કારણુસર યોગ્ય લાગે તો તેને પક્ષકારોને યોગ્ય નોટીસ આપીને તથા તેમની સમક્ષ, જે કોઇપણ શખસને સમન કર્યો ન હોય અથવા હાજર કર્યો ન હોય તે શખસને સાહેદ તરીકે સમન કરીને તેની જબાની લેવાનો અને જે દસ્તાવેજ બેમાંના એકે પક્ષકારે માગ્યો અથવા હાજર કર્યો ન હોય, તે માગવાનો અને સાબિત કરાવવાનો અધિકાર છે, અને પોતાને યોગ્ય લાગે તો, તકરારી મિલકત પક્ષકારની રૂબરૂ અથવા તેમને યોગ્ય નોટીસ આપ્યા પછી જાતે જઇને તપાસવાનો અધિકાર છે.

મામલતદારે ચલાવેલા કામની નોંધ.

(૩) મામલતદારે, દરેક સાહેદની જબાની લેવાતી જાય તેમ તેની જબાનીની મતલબનું પોતાને હાથે ટાંચણ કરવું અથવા તે ઉપર સહી કરવી, અને પોતાના ઠરાવનાં કારણો ટુંકમાં લખવાં.

(૪) સદરહુ મુદ્દા બાબતનો મામલતદારનો ઠરાવ વાદીની તરફેણમાં હોય ત્યારે, મુકદ્દમાની હકીકત પ્રમાણે જે હુકમ કરવાનું મામલતદારને અવશ્ય લાગે અને જે પોતાને ૫મી કલમની રૂએ મળેલા અધિકારની બહાર ન હોય તે હુકમ તેણે કરવો; અને તેનો ઠરાવ પ્રતિવાદીની તરફેણમાં હોય ત્યારે, તેણે ફરિયાદી કાહાડી નાંખવી. સદરહુ બે પ્રસંગો પૈકી કોઇ પણ પ્રસંગે ફરિયાદનો ખરચ, બજાવણીના ખરચ સુદ્ધાં, જેની વિરૂદ્ધ નીકાલ થાય તેણે આપવો.

વાદીની તથા પ્રતિવાદીની તરફેણમાં થયેલા નીકાલ ઉપર મામલતદારે કરવાના હુકમ.

ટીકા.—"નીમેલે દહાડે" કબજા વહીવટના કામમાં જેમ બને તેમ તાકીદે ફેંસલો આપવાનો આ કાયદો રચનાર મંડળીનો હેતુ ઉપરના વાકય ઉપરથી સ્પષ્ટ જણાય છે. પૂરાવો સાંભળી લખી લીધા બાદ, ત્રણ પ્રકારના મુદ્દા જે આ કલમમાં લખેલા છે, તેમાંથી કયા પ્રકારના મુદ્દા હાથ ઉપરના કામને લાગુ પડે છે તે જોવું, તે મુદ્દાઓનો ઇનસાફ કરવો, અને દરેક મુદ્દા ઉપર પોતાનો ફેંસલો કારણો સહીત લખવો, અને પછી કંઇ પણ ઢીલ વગર, કલમ ૫ મુજબ જે અધીકાર આપવામાં આવેલો છે તેને અનુસરીને, પોતાનો હુકમ કરવો.

પુરાવો—પૂરાવો મુદ્દાને લગતોજ હોવો જોઇએ. મુદ્દા બહાર, કોઇ પણ પક્ષકારને કોઇ પણ કારણસર, જવા દેવો નહીં જોઇએ.

પુરાવો—ઇંડીઅન સ્ટેમ્પ એકટ મુજબ જે દસ્તાવેજ યોગ્ય સ્ટેમ્પ ઉપર લખાયો ન હોય, તે પૂરાવામાં દાખલ થઇ શકે નહીં. સ્ટામ્પ આકટ કલમ ૩૪. વળી, કાયદા મૂજબ જે દસ્તાવેજ રજીષ્ટર થવો જોઇએ, તે રજીષ્ટર થયો ન હોય તો, તે પણ પૂરાવામાં દાખલ થઇ શકે નહીં. રજીસ્ટ્રેશન આકટ કલમ ૧૭ અને ૪૯.

કોઇ પણ મકાનના તાળાની કુંચીનો કબજો અમુક માણુસ પાસે છે એવી સાબીતી, તે મકાનમા કબજાની સાબીતી ગણાય નહીં.

સરકારી દફતરમાં કોઇ માણુસનું નામ દાખલ થયું હોય, અને તે સરકાર ધારો ભરતો હોય, તો તે હકીકત, કબજાનો એક મજબુત પુરાવો ગણી શકાય. દેવાજી ગયાજી વી. ગોડાભાઇ ગાડભાઇ ૨. બંગાલ. લો. રી. પી. સી. ૮૫. સને ૧૮૯૫.

જંગલના કીંવા પડતર જમીનના કબજાની બાબતમાં, તકરાર હોય તો, જો બેહુ પક્ષકારમાંથી એકુએ પણ, એવી જમીન ઉપર માલકીપણાના કંઈ કૃત્યો કર્યાં ન હોય તો, કોર્ટ માલકીપણા બાબતનો પુરાવો લઇ શકે, અને જેનું માલકીપણું સાબીત થાય તેનોજ કબજો છે એમ અનુમાન કરી શકે. રામબંધુ વી. કસુ બધુ, ૫, કલકતા લો. રી. ૪૮૧.

સાબીતીનો બોજો કોને શીર, એ બાબતમાં પુરાવાના કાયદા (સન ૧૮૭૨નો ૧ લો) ની કલમ ૧૦૧–૧૦૨ નીચે મૂજબ છે.

૧૦૧. કોઇ હકીકત છે એવું જાહેર કરીને, તે હકીકતના ઉપર આધાર રાખનાર કોઇ કાયદેસર હક કીંવા જવાબદારી બાબત જે સાબીતીનો બોજો સખસ કોરટ પાસે ઠરાવ કરાવવાની ઇચ્છા બતાવતો હોય તે સખસે તે હકીકત છે એવું સાબીત કરવું જોઇએ. હરકોઇ હકીકત છે એવું સાબીત કરવાની જ્યારે કોઇ સખસની ફરજ હોય ત્યારે તે સખસના ઉપર સાબીતીનો બોજો છે એવું કહેવામાં આવે છે.

૧૦૨. કોઈ દાવામાં અથવા કામમાં બેમાંથી એકુ પક્ષના તરફથી બીલકુલ પુરાવો ગુજારવામાં ન આવે તો જે સખસની સાબીતીનો બોજો હાર થાય, તે સખસના ઉપર સાબીતીનો બોજો છે એમ કોના ઉપર છે. સમજવું.

સાહેદાની જુબાની કેવી રીતે લેવી. આ બાબતમાં હાઇ કોરટે ફરમાવ્યું છે કે, મામલતદારે પ્રથમ તો પક્ષકારોને સાહેદો તપાસવા દેવા જોઇએ. એક શાહેદે આપેલી જુબાની બીજાને વાંચી બતાવી, પુછ્યું કે તારે એ શીવાય બીજું કાંઇ વધારે કહેવું છે. આવી રીત કાયદેસર નથી. દરેક સાહેદને જુદો જુદો તપાસવા જોઇએ. અને તેને જે કહેવું હોય તેજ કહેવા દઇ લખી લેવું જોઇએ. પી. જ. પા. ૬૬૯ સન ૧૮૯૬.

નીચેની બાબતો "કબજા"ના પૂરાવામાં રજુ કરી શકાયઃ—(૧) જમીનની ખેડ અથવા સુધારો, (૨) વાડ કરવી; (૩) મકાન બાંધવા, (૪) ઈમારતી લાકડાં અથવા બળતણ ભરી રાખવું, (૫) જમીન ઉપરના ઝાડના ફળ અથવા રસતાનો ઉપભોગ કરવો, (૬) ઝાડો કાપવાં.

"ફરીયાદીનો ખરચ, બજાવણીના ખરચ સુધા, જેના વિરૂદ્ધ નીકાલ થાય તેણે આપવો." એટલે વાદીના લાભમાં હુકમનામું થાય તો, પ્રતીવાદીને માથે બધા ખરચનો બોજો નાંખવો. ફરીઆદ નામંજુર કરી હોય તો, વાદીને માથે બધો ખરચ નાંખવો. મામલતદારથી આમાં કંઇ પણ ફેરફાર

થઇ શકે નહીં.

કબજાનો કોઇ કેસ હાઇકોર્ટમાં લઇ ગયા હોય તો, હાઇકોર્ટમાં થયલા ખરચની બાબતમાં પણ ઉપરની કલમજ લાગુ પડે છે.

આવા કામમાં વકીલ રોકયો હોય તો વકીલની ફીનો સમાસ પણ "ખરચ"માં થાય છે. હાઇકોરટે ઠરાવ્યું છે કે સાધારણ રીતે આવા કામ માં વકીલની ફી રૂ ૫) અને ખાસ હુકમથી રૂ ૧૫) સુધી ખરચ તરીકે અપાવવી જોઇએ. જુઓ. હાઇકોર્ટ સી. સ. નંબર ૬૨.

એક કામમાં વાદીએ તાકીદ હુકમ મેળવવા, મામલતદારની કોરટમાં દાવો કર્યો હતો. સાહેદોને તપાસતાં મામલતદારનો અભિપ્રાય વાદીના વિરૂદ્ધ થવાથી બીજા સાક્ષીઓ તપાસવાનું બંધ કર્યું હતું. આ કામની હાઈ કોરટમાં અપીલ થતાં ઠરાવ થયો કે, ખરેખરા ભોગવટા બાબત તથા તે ભોગવટાને કેવા પ્રકારની અને કેટલે દરજ્જે હરકત થઈ છે તે બાબત જે કંઇ પુરાવો વાદી આપે તે લેવાની મામલતદારની ફરજ હતી. પ્રી. જ. પા. ૪૬-૧૮૮૭.

એક કામમાં વાદીએ એમ જાહેર કર્યું કે મારા કબજામાં બે સરવે નંબરો છે; પ્રતીવાદી તે કબજાને હરકત કરે છે. કામ ચાલતાં મામલતદારને એમ લાગ્યું કે, બેઉ નંબરનો ચોથો ભાગ વાદીના કબજામાં છે. તે ઉપરથી તેણે ફરીઆદ નામંજુર કરી. સરકારે પોતાના તા. ૭-૫-૧૮૮૯ નંબર ૩૩૫૭ ના ઠરાવથી ફરમાવ્યું કે મામલતદારે ફરીઆદ નામંજુર કરવી નહોતી. તેણે કલમ ૧૫ (क) પ્રમાણે મુદાઓનો ઇનસાફ કરવો હતો. પહેલા મુદાનો ઇનસાફ કરતાં તેને એમ માલમ પડત કે તકરારી જમીનનો થોડો ભાગ વાદીના કબજામાં હતો. પછી તેને બીજા મુદાનો ઇનસાફ કરતાં માલમ પડત કે જે થોડો ભાગ વાદીના કબજામાં હતો તેને હરકત કરી છે કે નહીં. જો તેને હરકત થઇ નહોતી, તો તાકીદ હુકમ આપવાની જરૂર નથી. જો હરકત થઇ હોય તો તેણે ત્રીજા મુદાનો ઇનસાફ કરી, કામનો નીકાલ કરવો જોઇતો હતો.

૧૯ (अ) મુજબના ફેંસલા.

એક કામમાં, જે જમીન કબજે લેવા વાદીઓએ દાવો કર્યો તેના ઉપર ઝુંપડા હતા, આ ઝુંપડાં ઉપર તેમનો હક નહોતો. વાદીઓની દાદ ખરેખરી અપાય એવું નહોતું એમ જાણી મામલતદારે દાવો નામંજુર કર્યો. હાઇકોરટે ઠરાવ્યું કે દાવો નામંજુર કરવાનું કારણ વાજબી નહોતું.

કાશીરામ વી. નારાયણ પ્રી. જ. પા. ૧૦૨. સન ૧૮૮૮.

પ્રોબેટ—ઉવીલની રૂએ દાવો કરનારને પ્રોબેટ લેવાની જરૂર નથી. ભગવાનસીંગ વી. બેચરદાસ (ઈ. લો. રી. ૬ મુંબઇ ૭૩) ના કામનો ફેંસલો મામલતદારની કોરટને લાગુ પડે છે. બાઇ ઇચ્છા વી. ઘેલાભાઇ પ્રી. જ. પા. ૨૧૫. સન ૧૮૮૯.

દીવાની કોરટના હુકમનામાની બજાવણીમાં **મ** એ તેના ગણોતીઆ **વી** પાસેથી કબજો લઇ લીધો તે ઉપરથી **વી** એ મામલતદારની કોર્ટમાં દાવો કર્યો. હાઇ કોરટે ઠરાવ્યું કે **વી** ને દાવો કરવાને કંઇ કારણ નહતું; કારણ કાયદા વીરૂદ્ધ રીતે તેની પાસેથી જમીન લઇ લેવામાં આવી નહોતી. મગન વી. વીઠલ પ્રી. જ. પા. ૧૫૯. સન ૧૮૯૦.

એક કામમાં મામેલતદારે એમ ઠરાવ્યું કે, જમીન વાદીના કબજાની છે, અને તે ઉપરના આંબાના ઝાડો પ્રતીવાદીના છે. હાઇ કોરટે ઠરાવ્યું કે, મામલતદારે એ મુજબ હુકમનામું કરવું હતું એટલે જમીનનો દાવો મંજુર કરી, ઝાડનો દાવો નામંજુર કરવો હતો. નાગર વસન વી. જગન દુલભ પ્રી. જ. પા. ૧૯૩. સન ૧૮૯૧.

હુકમનામાની બજાવણીમાં ત્રાહીત ને, મામલતદાર, જમીન ઉપરથી બહાર કહાડી શકે નહીં. નાથેખાં. વી. અબદુલઅલી. પ્રી. જ. પા. ૩૦૮–૧૮૯૩.

કોઇ જમીનદારે, ગણોતીઆને જમીન સાંથી હોય, અને તે જમીન ગણોતીયા પાસેથી કોઇ છીનવી લે, તો આ કાયદા મુજબ જમીનદાર દાવો કરી શકે નહી. ગણોતીઆએજ દાવો કરવો જોઇએ. જમીનદારની "તરફથી" ગણોતીઆનો કબજો છે એમ કહેવાય નહીં. ગોમા વી. નરસિંગરાવ. ઇ. લો. રી. ૨૦ મુંબઇ ૨૬૦.

ગણોતપટાની સરત મુજબ જમીનનો કબજો લેવા વાદીએ દાવો કર્યો. ગણોતપટો સાબીત થયેલો છતાં મામલતદારે વાદીની અરજ નામંજુર કરી. હાઇ કોરટે મામલતદારનો હુકમ રદ કરી, વાદીને કબજો અપાવ્યો. અને ઠરાવ્યું કે પ્રતીવાદીએ ગણોતપટો લખી આપ્યા પછી વાદીનો હક નથી, તેથી તેને કબજો આપતા નથી એમ ચાલી શકતું નથી. અને હકની બાબતમાં, મામલતદાર કાંઇ ઇન્સાફ કરી શકતા નથી. પટેલ કીલાભાઇ લલુભાઇ. વી. હરગોવન મનસુખ. પ્રી. જ. પા. ૧૪–૧૮૯૫.

અની અરજી ઉપરથી ડીસ્ત્રીકટ જજે કેટલીક મીલકત સન ૧૮૪૧ ના કાયદા નંબર ૧૯ ને આધારે કોરટના નાજરના હવાલામાં સોંપી હતી. તે મિલકત બદલ બએ મામલતદારની કોરટમાં કબજો લેવા દાવો કર્યો. મામલતદારે વાદીના લાભમાં હુકમ કરયો. હાઇ કોરટમાં અપીલ થઇ. ઠરાવ થયો કે બીજી રીતનો હુકમ કરવાની જરૂર નથી. ઝવેરબાઇ. વી. નારણદાસ. બો. લો. રી. પુ. ૨. પાનું. ૬૧૩.

અએ બ તથા ક ઉપર મામલતદારની કોરટમાં ફરીયાદ કરી. અના લાભમાં હુકમનામું થયું. આ હુકમનામાની બજાવણીમાં અએ ત્રાહીત ડ પાસેથી દાવાવાળી મીલકતનો કબજો લીધો. ડએ મામલતદારની કોરટમાં ફરીઆદ કરી. મામલતદારે દાવો નામંજુર કરયો. હાઇ કોરટમાં અપીલ થઇ. મામલતદારનો હુકમ રદ કરી વાદીના લાભમાં હુકમનામું કરી આપ્યું. નીંગાપા. વી. એડવેપા (બો. લો. રી. પુ. ૨ પા. ૧૩૬).

એક કામમાં સીવીલ કોર્ટના હુકમનામાની બજાવણીમાં એક મીલકત બે માણસના સામાયીક કબજામાં મુકી હતી. તે મીલકતનો સ્વતંત્ર કબજો લેવા, બેમાંના એકે મામલતદારની કોર્ટમાં દાવો કર્યો હતો. આવા કામમાં, મામલતદારને અધીકાર નથી એમ ઠર્યું હતું. ભાઉ. વી. દાદે ક્રીષ્નાજી. પ્રી. જ. પાનું, ૧૭૬. સન ૧૮૯૬.

એક કામમાં, મામલતદારના હુકમનામાની બજાવણીમાં ત્રાહીત સખસનો કબજો લઇ લેવામાં આવ્યો હતો. તે ઉપરથી એ ત્રાહીત સખસે કબજો પાછો લેવા મામલતદારની કોર્ટમાં દાવો કર્યો. મામલતદારે એ કામનો એક વખત નિકાલ થઇ ગયેલો ગણી દાવો નામંજુર કર્યો. હાઇકોર્ટે મામલતદારનો હુકમ રદ કરી, એ કામનો ફરી તપાસ કરી ઇનસાફ કરવા ફરમાવ્યું; આ અરજદાર (ત્રાહીત સખસ) પ્રથમના દાવામાં પક્ષકાર ન હતો ગોવિંદ બાબાજી. વી. નાયકુ જોતી ઇ. લો. રી. ૧૦ મુંબઇ ૭૮.

ડી. નામના સખસે મ. તથા બીજા કેટલાક સખસો ઉપર કબજાનો દાવો કર્યો. મ. એ દીવાની કોર્ટની મારફત સદરહુ દાવાવાળી જમીનનો કબજો લીધેલો હતો. આ હકીકત છતાં, મામલતદારે, વાદીના લાભમાં હુકમ કર્યો એવું બતાવીને કે મનો કબજો, ૬ મહીના કરતાં ઓછી મુદતનો છે. હાઇકોર્ટે ઠરાવ્યું કે આ કામમાં મામલતદારને અધીકાર નહતો. માણેકચંદ. વી. દાજી, પ્રી. જ. પાનું ૬૫૫ સન ૧૮૯૬. બાલુવી. બાલુ. બો. લો. રી. પુ. ૧. પા. ૬૮૪.

કલમ ૧૯ (બ) મુજબનાં ફેસલા.

તા. ૩૦ મી જુલાઇ સન ૧૮૯૫ ના ગણોતપટાની રૂએ, ર નામના સખસે, કેટલીક જમીન. કે નામના સખસને સન ૧૮૯૬ ના માર્ચ આખર સુધીને માટે સાંથી. તા. ૨૪ માર્ચ સન ૧૮૯૬ને રોજ, કે એ સદરહુ જમીન બી નામના સખસને આપી, બીએ તેજ જમીન સી. નામના સખસને સાંથી. તા. ૨ ૭ જુલાઇ ને રોજ રએ, બી અને સી ના ઉપર કબજો લેવા દાવો કર્યો. મામલતદારે વાદીના લાભમાં હુકમ કર્યો. આ કામ હાઇકોર્ટમાં જતાં. મામલતદારનો હુકમ બહાલ કર્યો, અને ઠરાવ્યું કે, કે ના ગણોતપટાની મુદત તા. ૩૧ મી માર્ચને રોજ પુરી થઈ તેથી તે સદરહુ જમીનનો કબજો લેવા જુલાઇમાં દાવો કરી શકે નહીં, ર કાયદાસર રીતે કબજો લઇ શકે, અને દાવો કર્યો ત્યારે તેનો કબજો લેવાનો હક પણ હતો. ભીમરાવ. વી. રમાબાઇ પ્રી. જ. પાનુ ૫૯૭ સન ૧૮૯૬.

એક કામમાં કંઇપણ પુરાવો લીધા સીવાય, મામલતદારે વાદીનો દાવો એવા સબબથી ના મંજુર કર્યો કે પ્રતીવાદી એ ભાગીયા ગણોતીયા પૈકીનો એક હતો, અને બીજા ભાગીયા ગણોતીયા ને પ્રતીવાદી તરીકે દાખલ. કર્યો નહતો. હાઇકોર્ટે મામલતદારનો હુકમ રદ કરી ઠરાવ્યું કે, ફરી સાંભળી નીકાલ કરવા એ દાવો મામલતદાર તરફ પાછો મોકલવો. અંતાજી નરસીંહ. વી. તુકારામ પ્રી. જ. પાનુ ૯૯ સન ૧૮૯૧.

એક કામમાં વાદીની અરજી એવા સબબથી પાછી આપી કે બેહુ પક્ષકાર વચ્ચેનો કરાર ચોકસ નથી, અને ગણોતપટાની મુદત પૂરી થઇ છે કે નહી તે નક્કી કરવાનું કામ સીવીલ કોર્ટનું છે, હાઇકોરટે ઠરાવ્યું કે ગણોતપટાની મુદત નોટીસ આપવાની સરતે પુરી થતી હોય તો, આ દાવાનો ઇનસાફ કરવા, મામલતદારને અધીકાર છે, મોતીલાલ. વી. પીરખાં પ્રી. જ. પાનુ, ૪૦૭ સન ૧૮૯૨.

એક કામમાં મામલતદારે ગણોતપટા ઉપર મતુ થયેલું સાબીત થયેલું ઠરાવ્યું પણ તે પટો નામનોજ હતો, અને તે પટાની રૂએ પ્રતિવાદીઓના કબજામાં તે જમીન નહોતી. આ કારણોસર વાદીનો દાવો ના મંજુર કર્યો હાઇકોરટે ઠરાવ્યું કે આવા કામમાં હાઇ કોરટ વચે પડતી નથી. મામલતદારનો હુકમ ભુલ ભરેલો લાગતો હોય તો દીવાની કોરટમાં જવું. ઈ. લો, રી. ૨૧ મુંબઇ. ૭૩૧.

મામલતદારની રૂબરૂ ચાલતા કબજાનાં કામમાં ગણોતીઓ, ગણોતપટા ની તારીખે જમીનદારના હક સંબંધી ઇનકાર કરી શકે નહી, તો પણ તે તારીખ પછી તે સંબંધ પૂરો થયો છે એમ ગણોતીઓ બતાવી આપે. એટલે-જમીનદારે તે જમીન તેજ ગણોતીઆને વેચી હોય તો, જમીનદાર પાસેથી પ્રાપ્ત થયેલા હકથી તે મીલકતનો કબજો, ગણોતીઆ પાસે નથી; પણ વેચાણ લીધાથી-વેદુ. વી. નીલકંઠ. પ્રી. જ. પા. ૪૮૫ સન ૧૮૯૫.

એક કામમાં ત્રાહીત માણસનો હક ડુબાવવાને વાદીએ પ્રતિવાદીઓ ઉપર અરસપરસની સમજુતીથી ખોટો દાવો કર્યો. મામલતદારે વાદીના લાભમાં હુકમનામું કરયું. હાઇકોરટે ઠરાવ્યું કે ત્રાહીત ના હીત સંબંધને માટે સદરહુ હુકમનામું રદ બાતલ છે. અને વાદી પ્રતીવાદીઓ ઉપર બીજો દાવો લાવવાને કંઇ હરકત નથી. છોટાલાલ નરોતમ. વી. કાલા અદા પ્રી. જ. પા. ૩૫૫. સન. ૧૮૯૭.

એક માહાદુ નામના શખસ પાસેથી એક બાલા નામના શખસે દાવાવાળી જમીન વેચાણ રાખી, તેજ જમીન સદરહુ માહાદુને ગણોતે આપી. પટાની મુદત પુરી થયે મહાદુએ બાલાને કબજો આપ્યો નહીં. ત્યારે બાલાએ મામલતદારની કોર્ટમાં દાવો કર્યો. મામલતદારે ઠરાવ્યું કે દાવાવાળી જમીન બાલાના ખરેખરા કબજામાં આવી નહોતી, માટે દાવો નામંજુર. હાઇકોરટે ઠરાવ્યું કે મામલતદારે દાવો ના મંજુર કરવો નહોતો; વાદી પાસેથી પ્રાપ્ત થએલા હકથી દાવાવાળી મીલકતનો કબજો, દાવો ચાલતી વખતે, પ્રતીવાદી પાસે હતો અને તે કબજો લેવાને, ગણોતપટા ની મુદત પુરી થવાથી, દાવો કર્યો હતો. આ કામ મામલતદાર તરફ પાછું મોકલી કાયદા પ્રમાણે નીકાલ કરવા હુકમ થયો હતો. બાલા. વી. માહાદુ તંમબોલી પ્રી. જ. પા. ૬૯ શન ૧૮૯૮.

ગણોતીઆની સાથે તેના પેટા ગણોતીઆઓને પ્રતીવાદીમાં દાખલ કરી ફરીઆદ થઇ શકે, કસ્તુરચંદ. વી. શ્રીરામ. એ. લો. રી. પુ. ૧. પા ૭૧.

વાદીને પોતાની મીલકતપર જવાનો અમુક રસ્તો હતો. તા-૨૮ મી જુલાઇ ૧૯૦૦ ને રોજ પ્રતીવાદીઓએ તે રસ્તા ઉપર વાડ કીધી પણ વાદી જાય એટલો રસ્તો રાખ્યો. પછી ૨૦ મી નવેમ્બર ૧૯૦૦ ને રોજ પ્રતિવાદીઓએ પહેલી વાડની આગળ બીજી વાડ કરી. અને તેથી ફરિ-યાદીને રસ્તાનો ઉપયોગ કરતો અટકાવ્યો. તા-૩ ડીસેમ્બર ૧૯૦૦ ને રોજ

વાદીએ મામલતદારની કોર્ટમાં દાવો કીધો. મામલતદારે આ કાયદાની કલમ ૧૫-ब-મુજબ મુદ્દા નહીં કાઢતાં કલમ ૧૫-क પ્રમાણે કાઢયા ને વાદીનો દાવો રદ કીધો. વાદીએ હાઇ કોર્ટમાં અપીલ કરી. હાઇ કોર્ટે ઠરાવ્યું કે વાદીનો દાવો કાઢી નાખવામાં મામલતદારે ભુલ કરી છે. કારણ કે દાવાની તારીખે વાદીનો રસ્તો વાપરવાનો હક બંધ થયો નહોતો તે હકને ફક્ત હરકત કરી હતી. હરકત નહી કરી હોત તો તે રસ્તાનો ઉપયોગ વાદીનોજ હોત. કલમ. ૧૫ कનો અર્થ તેજ છે. મામલતદારપર તપાસપર કેસ મોકલાવ્યો. નાનાભાઇ વિરૂદ્ધ દ્વારકાદાસ. બો. લો. રી. પુ ૩. પા. ૬૮૧.

આ કામમાં વાદીએ કીરોલ ગામની કંઇક જમીન કબજે લેવાને માટે થાણાના મામલતદારની કોર્ટમાં દાવો કર્યો હતો. વાદીની મા કમાબાઇ ને એ જમીનનો કબજો ૧૮૯૪ માં મલ્યો હતો. તેણીએ બીજા નંબરના પ્રતિવાદીને, પીરોજશા જમશેદજીને અને કામાજી એ નામના ત્રણ પુરૂષોને તા-૯ ફેબ્રુઆરી ૧૮૯૭ ના ગણોતપટાની રૂએ એ જમીન સાંથી હતી કમાજીએ પાછળથી પોતાનો હિસ્સો વાધીઆ કાસીરામ નંબર-૧ ના પ્રતીવાદીને સાંથ્યો હતો. કમાબાઈ ૧૯૦૦ માં ગુજરી ગઇ પટાની મુદત તા-૩ સપટેમ્બર ૧૯૦૦ ને રોજ પુરી થઇ. વાદીઓને કબજો નહીં મળવાથી તે દાવો લાવ્યા. થાણાના મામલતદારે દાવો એમ જણાવીને રદ કર્યો કે પહેલા નંબરનો પ્રતીવાદી, કમાબાઇનો કે વાદીઓનો ગણોતીઓ નથી. વાદીઓએ હાઇકોર્ટને અપીલ કરી. હાઇકોર્ટે ઠરાવ્યું કે મામલતદારની કાયદો સમજવામાં ભુલ થઇ છે. પેટા ગણોતીઆઓ જમીનદારની પાસેથી મલેલા હકની રૂએ ખેડે છે. કસ્તુરચંદ વિરૂદ્ધ—શ્રીરામ. બો. લો. રી. પુ-૧-પા. ૭૧ મામલતદારનું હુકમનામું રદ કરી મુદ્દાઓનો ઇનસાફ કરવા માટે કેસ પાછો મોકલ્યો વાધોજી-વિરૂદ્ધ-શીવરામ બો. લો. રી. પુ. ૪-પાં-પર.

કલમ ૧૯ (क) મુજબના ફેસલા.

ફરીઆદ કરતી વખતે વાદીનો ખરેખર કબજો ન હોય તો કલમ ૧૫ (क) પ્રમાણે, દાવો ચાલી શકતો નથી, સીવીલ કોર્ટના હુકમનામાની બજાવણીમાં કોઇ ત્રાહીત સખસનો કબજો લઇ લેવામાં આવ્યો હોય તો, તેણે સીવીલ પ્રોસીજરકોડની કલમ-૩૩૨ મુજબ સીવીલ કોર્ટને અરજી કરવી. મામલતદારના કોર્ટમાં દાવો ચાલી શકતો નથી. ગુલાબભાઇ ગોપાલજી વી. ઝીણાભાઇ રતનજી. ઇ. લો. ૧૩ મુંબઇ. ૨૧૩.

એક કામમાં વાદીએ, પ્રતીવાદીઓ, જમીન ખેડતાં હરકત ન કરે એવો તાકીદ હુકમ માંગ્યો હતો. મામલતદારે એવો ઠરાવ કર્યો કે બધા પ્રતીવાદીઓ વીરૂદ્ધ દાવો સાબીત થઇ શકતો નથી. માટે દાવો નામંજુર હાઇકોર્ટે મામલતદારનો હુકમ રદ કરી જેટલા પ્રતીવાદીઓના વીરૂદ્ધ દાવો સાબીત થયો હતો, તેઓના ઉપર તાકીદ હુકમ આપ્યો. ચીંતામનરાવ નારાયણગોળે. વી. બાલા-ઇ-લો-રી. ૧૪. મુંબઇ. ૧૭.

નદી કાંઠેની જમીનના માલીકો યા ખેડુતો, નદીમાંથી ઓછું વધતું પાણી લે તે બાબતનો દાવો મામલતદારની કોર્ટમાં ચાલી શકતો નથી. પરંતુ પાણીનો ઉપયોગ કરતાં કોઇ હરકત કરે, અથવા તે ઉપયોગ કોઇ છીનવી લે તો આ કાયદા મુજબ અમલ થઇ શકે. બાબાજી રામજી વી. બાબાજી દેવજી. પ્રી. જ. પા. ૪૭૩-૯૭.

દાવો દાખલ કરતી વખતે વાદીનો ખરેખરો કબજો ન હોય તો આ કલમ પ્રમાણે મામલતદારથી ઇનસાફ થઇ શકતો નથી. પ્રી-જ-પા-૧૩૩-૮૮.

કરેલી હરકત અથવા અડચણ, કાયદેસર છે કે નહી, એ સવાલનો નીર્ણય કરવાનું કામ મામલતદારનું નથી. તેણે તો કલમ ૧૫ (क) પ્રમાણેના મુદ્દાનો ઇનસાફ કરવાનો છે. ગણેશ-વી-રામચંદ, પ્રી-જ-પા-૯૬-૯૧

અવિભક્ત હિંદુ કુટુંબ પૈકીના કોઇ એક અથવા વધારે સખસથી બધાઓની સમતી વગર ગણોતીઆને કહાડી શકાતો નથી. (ઇ. લો. રી. ૩ મુંબઇ ૨૩; ૪ કલકતા-૯૬; ૭ કલકતા-૪૧૪) સબબ એવા કુટુંબ પૈકીનો કોઇ સખસ ગણોતીઆને હરકત અથવા અડચણ કરે તો તેના ઉપર આ કલમ પ્રમાણે તાકીદ હુકમ નિકળી શકે. શીદાપા. વી. વીષ્નુ-પ્રી જ-પા-૧૪૭-૯૩.

એક કામમાં વાદીએ જાહેર કર્યું કે દાવાનું સમાધાન કર્યું છે અને ખરચ સાથે દાવો નામંજુર કરવાનું કહ્યું-પ્રતીવાદીએ આ વાત કબુલ રાખી જાહેર કર્યું કે વાદીનો કબજો છે એ વાત ખરી પણ મેં તેને હરકત કરી નથી. મામલતદારે આ ઉપરથી ઠરાવ કર્યો કે વાદીનો કબજો છે, અને તે બરાબર છે, પણ તેણે એવો કંઇ પણ પૂરાવા વગર ઠરાવ કર્યો કે પ્રતીવાદીએ વાદીને હરકત કરી હતી. આ ઠરાવ ઉપરથી તેણે વાદીના લાભમાં ખરચ સાથે હુકમનામું કર્યું. હાઇકોરટે ઠરાવ્યું કે આ દાવો ખરચ સાથે નામંજુર કરવો જોઇતો હતો. શીવ દેવરાવ. વી, ભગવંતરાવ-પ્રી-જ-પા. ૫૦૨-૯૫.

આ ફેસલાઓ જુના કાયદાની કલમ ૧૫ (अ), (ब) તથા (क) મુજબના છે.

૨૦. મામલતદારનો દરએક હુકમ, પંછી તે ફરિયાદ અરજી નામંજુર કરવા બાબતનો કે પાછી આપવા બાબતનો હોય અથવા દાવો મંજુર કરવા બાબત કે નામંજુર કરવા બાબત હોય, તે હુકમ મામલતદારે તે અરજી ઉપર લખવો તથા ભર કોર્ટમાં, તેજ દિવસે અથવા બીજે કોઇ પણ દિવસે વાંચવો, અને એવા બીજા દિવસની યોગ્ય નોટીસ તેણે તે પક્ષકારોને અથવા તેમના પ્લીડરોને આપવી; અને તે હુકમનાં કારણો તેણે ટુંકમાં દફતરમાં લખવાં.

મામલતદારનો હુકમ ફરિયાદ અરજી ઉપર લખવો અને ભર કોર્ટમાં વાંચવો.

ટીકા—હુકમ અથવા હુકમનામાની નકલ, ચાર આનાના કોર્ટ ફી સ્ટેંમ્પ ઉપર આપવા, કોર્ટ ફી એકટના પેહેલા પરીશીષ્ટની–૭મી કલમમાં ઠરાવેલું છે.

નકલ કરામણી બદલ ફી નીચેના દર પ્રમાણે લેવા ઠરાવ થયેલો છે. જો અંગ્રેજી નકલ હોય તો, દરેક ૨૫) શબ્દે, અથવા તેના ભાગે છ પૈઇ થી વધારે લેવી નહીં. જો ગુજરાતી નકલ હોય તો,—દર ૩૩ શબ્દે, અથવા તેના ભાગે, છ પૈઇથી વધારે લેવી નહીં. જો નકલ ઉપર ખરાપણાની સહી જોઇતી હોય તો,—દર સો શબ્દે અથવા તેના હરકોઇ ભાગે, તપાસણી અને મુકાબીલ કર્યા બદલ, છ, પૈઇ વધારાની લેવી.

આ ફી, જમીન મહેસુલ ખાતે જમા કરવા સરકારનો ઠરાવ નં ૩૩૯૭ તા. ૯—૧૦—૧૮૯૦નો થયેલો છે.

દસ્તાવેજો પાછા આપવા બાબત, હાઇકોર્ટ સરકુલર.

૬૯. **अ**. કોઇ પણ દાવામાં રજુ કરેલી ચોપડી અથવા દસ્તાવેજ અટકાવી રાખવાની જરૂર છે એમ મામલતદારને જણાય તો તેણે પોતાને યોગ્ય લાગે તેટલી મુદતે અને સરતે કોરટના કોઇ અમલદારના સ્વાધિનમાં સોંપવી.

૬૯. **ब**. મામલતદારની કોરટમાં દાવાનો નીકાલ થયા પછી કોઇ માણસ, પછી તે પક્ષકાર હો કે ન હો, પોતે રજુ કરેલો, અને દાવામાં દાખલ થયલો દસ્તાવેજ પાછો મળવા ખાયસ બતાવે તો, અને તે દસ્તાવેજ જો કોરટે અટકાવેલો ન હોય તો, તેને પાછો આપવો. પરંતુ દાવાનો નીકાલ થતાં પહેલાં એવો દસ્તાવેજ કોઇ પાછો માગે તો અસલ નકલને ઠેકાણે દાખલાવાળી ખરી નકલ તે આસામી કોરટને આપે તો તે (અસલ

દસ્તાવેજ) પાછો આપવો પુરાવામાં દાખલ થયેલો દસ્તાવેજ પાછો આપવામાં આવે ત્યારે જેને તે પાછો આપ્યો હોય તેની એક રસીદ બુકમાં પહોંચ લઇને આપવો.

કાગળો નાશ કરવા બાબત હાઇકોર્ટ સરકુલર.

કલમ ૧૨૫. આ કાયદા મુજબ ચલાવેલા દાવાના કાગળીયાં (દફતરો) છેવટ હુકમની તારીખથી છ વરસની મુદત વીત્યા બાદ નાશ કરવાં. દાવા અરજી નોંધવાના રજીસ્ટરો કાયમ રાખવાં. જે દાવાના કાગળો નાશ કરવામાં આવે તે દાવાના વરસ તથા નંબર એક બુકમાં લખી રાખવાં અને તે બુક કાયમ રાખવી.

મામલતદારનો નીકાલ શી રીતે અમલમાં લાવવો.

૨૧. (૧) મામલતદારનો નીકાલ કબજો આપવા બાબત અથવા ઉપયોગ કરવાનું પાછું આપવા બાબત હોય તો તે નીકાલ તેણે ગામના કામદારોને અથવા પોતાના તાબામાંના કોઇ પણ અમલદારને અથવા બીજા કોઇ માણસને પોતાને યોગ્ય લાગે તેવો હુકમ કરીને અમલમાં આણવો.

ઉગતા તુલ બાબત વિશેષ ઠરાવ.

પણ એવું ઠરાવ્યું છે કે, આ આકટમાં ગમે તે ઠરાવ હોય, તો પણ, જ્યારે મામલતદારે જમીનનો કબજો આપવાનો નીકાલ કર્યો હોય તે વખતે એવી જમીનમાં પ્રતિવાદીએ અથવા તેના ખરચે વાવેલું તુલ ઉભું હોય અને મામલતદારની ખાત્રી થાય કે તે શુદ્ધબુદ્ધિથી વાવવામાં આવેલું છે, ત્યારે મામલતદાર એવી જમીનનો કબજો માગનાર વાદીને તે કબજો નીચે લખ્યું છે ત્યાં સુધી નહિ આપવાનો હુકમ કરવાને મુખત્યાર છે, અને જો પ્રતિવાદી તે મતલબની અરજી કરે અને ફરિયાદીનો ખરચ આપવા સારૂ પુરતું તારણ આપે અથવા કોર્ટમાં પુરતી રકમ અનામત મુકે, તો મામલતદારે તેવો હુકમ કરવોજ જોઇએ:—

(અ) એવા તુલનો એવી વખતે જે બજાર ભાવ હોય તે ભાવે મામલતદારનાં હુકમની રૂયે તેની જે કિંમત ઠરાવવામાં આવે તે કિંમતે વાદી તે તુલ લેવાનું કબુલ

કરે ત્યાં સુધી; એવી કિંમતમાં પ્રતિવાદીએ સરકારના ધારાના હફ્તાની જે રકમ ચાલુ વર્ષ માટે ભરી હોય તે રકમનો સમાવેશ થશે; અથવા

(બ) જ્યારે સદરહુ વાદી ઉપરની કિંમતે તુલ લેવાને નારાજ હોય, ત્યારે પ્રતિવાદીને તે તુલ એકઠું કરવા સારૂ જેટલો વખત પુરતો હોય તેટલો વખત વીતે ત્યાં સુધી.

આ પેટા કલમના વિશેષ ઠરાવની રકમ (અ) ની રૂએ કરેલી કિંમત મામલતદારની મારફત પ્રતિવાદીને આપવી, અને તે વાદી પાસેથી જમીન મહેસુલની બાકી પ્રમાણે વસુલ કરી શકાશે.

(૨) મામલતદારનો નીકાલ તાકીદ આપવા બાબત હોય, તો તેણે તે તાકીદ क પરિશિષ્ટના નમુના પ્રમાણે તૈયાર કરાવીને, પ્રતિવાદી હાજર હોય તો તેને ત્યાંહાંને ત્યાંહાંજ આપવી અથવા આપવા માંડવી, અથવા તે હાજર ન હોય તો, તે તેની ઉપર બજાવવા સારૂ ગામના કામદારોની પાસે અથવા પોતાના તાબા હેઠળના કોઈપણ માણસની પાસે મોકલવી.

તાકીદહુકમ બજાવવાની રીત

(૩) મામલતદાર ખરચ અપાવવાનો ઠરાવ કરે, ત્યારે તે ખરચ બજાવણીના ખરચ સુદ્ધાં, તે આપવાનો જે પક્ષકારને હુકમ કર્યો હોય તેની પાસેથી જમીન મહેસુલની બાકી પ્રમાણે વસુલ કરી શકાશે.

અપાવેલો ખર્ચ વસુલ કરવા બાબત.

(૪) પેટા કલમ (૨) ની રૂએ આપેલી તાકીદ ન માનનાર શખસને હિંદુસ્તાનના ફોજદારી કાયદાની કલમ ૧૮૮. મી પ્રમાણે શિક્ષા કરી શકાશે.

તાકીદ હુકમ ન માનનારને કેવી રીતે શિક્ષા કરવી.

ટીકા-હુકમ અથવા હુકમનામાની બજાવણી-ગામના અમલદારો મામલતદારના તાબામાં હોય છે, તેને મામલતદાર તરફથી આવેલા હુકમ કે હુકમનામાની બજાવણી કરવી એ એક તેમની ફરજ છે. જો એ કામ કરવામાં તેઓ બે કાળજી બતાવે યા ગફલત કરે તો તેઓ શીક્ષાને પાત્ર થાય છે. મામલતદારે પણ હુકમ લખીને બેસી રહેવાનું નથી, તેમણે પણ પોતાના હુકમનો તાબડતોબ અમલ થયો છે કે નહીં તે બદલ કાળજી રાખવાની છે. આ બાબતમાં બેદરકારપણું રાખવાથી, હુકમ યા હુકમનામું નકામા જેવું પઇ પડે છે.

મુદતનો કાયદો-મામલતદારના હુકમ યા હુકમનામાને મુદતના કાયદાનો બાધ નડતો નથી. ઇશ્વરદાસ. વી. ડોસીબાઇ. ૭. મુ. લો. રી. પા. ૩૧૯.

બજાવણી કરવામાં, જરૂર પડે તો, **ઘરના બારણા ફોડવાનો અધીકાર** મામલતદારની કોર્ટને છે. બાજીદેવ. વિ. સદાશીવ ભાઇશંકર ૫ મુંબાઇ. હાઇ. કોર્ટ. રી. ૮૫૮.

બજાવણીના કામમાં, જરૂર પડે તો, જેના વિરૂદ્ધ હુકમનામું થયું હોય તેને કહાડી મુકવાને માટે, બળ વાપરવાને, મામલતદારને અધીકાર છે. શંકર રામલાલ દીક્ષીત. વિ. મારતંડરાવ ભાઉ ટીપનીસ. ઈ. લો. રી. ૧૪ મુંબઇ. ૧૫૭.

પોતાની કોર્ટમાં થયેલો ખરચ વસુલ કરી અપાવવા જેટલો અધિકાર મામલતદારને છે તેટલોજ અધિકાર હાઇકોર્ટમાં થયેલો ખરચ વસુલ કરી અપાવવાને છે. નેમાવા વિ. દેવંદ્રપા. ઇ. લો. રી ૧૬ મુંબઈ. ૨૩૮.

મામલતદારના હુકમની બજાવણીમાં જો કોઇ લાહીત સખસનો કબજો લઇ લેવામાં આવે તો, તે ત્રાહીત શખસે, દાવો કરવો. પરચુરણ અરજી કર્યાથી કંઇ ફાયદો નથી. સીવીલ પ્રોસીજર કોડ, મામલતદારની કોર્ટને લાગુ નથી. કાશમ શાહેબ વલદ શાઅહમદ સાહેબ વિ. મારૂતી બીન રામભાજી ઈ. લો. રી. ૧૩. મુંબઇ. ૫૫૨.

જે કામમાં, ગામના અમલદારો, પોતાના હીતને લીધે યા બીજા કંઇ કારણસર, હુકમનો બરાબર અમલ કરશે નહીં એવું, મામલતદારને લાગે તો મામલતદારે જાતે હાજર રહી બજાવણી કરાવવી. રખમા. વિ. ટલાજી. ઇ. લો. રી. ૧૯ મુંબઇ, ૬૭૫.

બજાવણીની દરખાસ્ત (અરજી) એ, દાવાને લગતુ કામ છે. દાવાને લગતું તમામ કામ પુરૂ થતાં સુધી વકીલાતનામું અમલમાં રહે છે. પ્રી. જ. પા. ૪. સન ૧૮૯૫.

એક કામમાં જી નામના શખસે-પી નામના શખસ ઉપર જમીન કબજે લેવા ફરિયાદ કરી. તા-૨૦ મી જુન સન ૧૮૯૫ ને રોજ, કબજો આપવા મામલતદારે હુકમ કર્યો. તા-૮મી ઓગષ્ટને રોજ હુકમનામાની બજાવણીમાં હુકમ કર્યો કે, દાવાવાળી જમીન, જે અરજદાર क, (દાવામાં પક્ષકાર નહોતો) ના કબજા વહીવટમાં છે, તે જીના કબજામાં સોંપવી હાઇકોર્ટે ઠરાવ્યું કે क, ત્રાહીત સખસનો કબજો લઇ વાદીને સોંપવા મામલતદારે કરેલો હુકમ અધિકાર બહારનો છે. તો પણ જો क, નો કબજો લઇ લીધો હોય તો તેણે કબજો લેવા, મામલતદારની કોર્ટમાં ઇંયા તો દીવાની કોર્ટમાં દાવો કરવો. ઇ. લો. રી. ૨૧ મુંબઇ-૭૭૫.

એક કામમાં તા. ૭-૨-૯૫ ને રોજ મામલતદારે વાદીના લાભમાં હુકમનામું કર્યું. તા. ૮-૮-૯૫ ને રોજ હાઇકોર્ટે તે હુકમનામામાં થોડો ઘણો ફેરફાર કર્યો. હાઇકોર્ટનો હુકમ-મામલતદારને તા. ૯-૯-૯૫ ને રોજ પોહોંચ્યો. તા. ૨-૧૦-૯૫ સુધી મામલતદારે બજાવણી કરી નહીં. તે દીવસે પ્રતીવાદીએ મામલતદારને અરજ કરી કે વાદી તા. ૧૫-૯-૯૫ ને રોજ ગુજરી ગયો છે. માટે બજાવણી કરવી નહીં. એમ છતાં મામલતદારે તેજ દીવસે બજાવણીનો હુકમ કર્યો. હાઇકોર્ટે ઠરાવ્યું કે, હાઇકોર્ટનો હુકમ મળતા તુરતજ, પોતાનો હુકમ પ્રતીવાદીને પોહોચાડવો હતો, તે હાજર ન હોત તો, ગામના અમલદારો ઉપર તે હુકમ બજાવણી સારૂ મોકલવો હતો. વાદીના વારસોના હીતની ખાતર એ કામમાં વચે પડવાની ના કહી. ભગવાનલાલ. વિ. છબીલભાઇ. પ્રી. જ. પા. ૬૦૦. સન ૧૮૯૬.

અધિકારવાળા અવલકારકુને કરેલું હુકમનામું મામલતદારથી રદ થઇ શકતું નથી. અવલ કારકુને કરેલો હુકમ જાણવામાં આવ્યો કે તુરતજ ફરીઆદ મામલતદારે કહાડી નાંખવી જોઇએ. ભીમજી. વી. ગેનુ. પ્રી. જ. પા. ७१. સને ૧૮૯૮.

મામલતદારે એક કામમાં હુકમનામું કર્યું. પ્રતીવાદીએ તેજ દાવાવાળી જમીન બદલ દીવાની કોર્ટમાં દાવો કર્યો અને મનાઇ હુકમ માંગ્યો. સબજજે મામલતદારના હુકમનામાની બજાવણી બંધ રખાવી. છેવટે પ્રતીવાદીનો દાવો સબજજે કહાડી નાખ્યો, અને તે હાઇકોરટે બહાલ રાખ્યો. વાદીએ બજાવણી કરવા અરજ કરી. મામલતદારે તે અરજ નામંજુર કરી. હાઇકોરટે ઠરાવ્યું કે મામલતદારે, બજાવણી ને મુદતના કાયદાનો બાધ ન આવતો હોય તો, બજાવણી કરવા હુકમ કરવો જોઇતો હતો. ઇ. લો. રી. ૧૮ મુંબઇ ૭૩૪.

૨૨. ૨૩ મી કલમની પેટા કલમ (૨) ના અને કલમ ૨૪ ના ઠરાવોને પાત્ર, જે પક્ષકારને મામલતદાર કબજો આપશે અથવા ઉપયોગ કરવાનું પાછું આપશે અથવા જેના લાભમાં તાકીદહુકમ આપશે, તે પક્ષકારની પાસે, યોગ્ય દિવાની કોર્ટના હુકમનામાની રૂયે અથવા હુકમની રૂયે એવો કબજો અથવા ઉપયોગ કહાડી લેવામાં આવશે ત્યાંહાંસુધી, તે કબજો અથવા ઉપયોગ રેહેશે.

પક્ષકારોના હક ને બાધ ન આવતાં કબજો આપવો.

પણ એવું ઠરાવ્યું છે કે, જે પક્ષકારની વિરૂદ્ધ મામલતદારનો નીકાલ થયો હશે, તે પક્ષકારને જેટલી મુદત સુધી કાંઇ મિલકતનો કબજો મળ્યો નહિ હોય અથવા કોઇ ઉપયોગનો ઉપભોગ કરવા દીધો નહિ હોય તે મુદતની દરમિયાનની ઉપજ યોગ્ય દિવાની કોરટમાં ફરિયાદ કરીને વસુલ કરવાને તે પક્ષકારને આ કલમના કોઇપણ ઠરાવ ઉપરથી હરકત આવે છે એમ સમજવું નહિં.

દરમિયાન ઉપજ બાબત.

વળી એવું ઠરાવ્યું છે કે, કોઇપણ મિલકતના કબજા બાબત અથવા કોઇપણ ઉપયોગના ઉપભોગ બાબત, અથવા ૨૧ મી કલમની પેટા કલમ (૧) ના વિશેષ ઠરાવની રૂયે જેની વ્યવસ્થા કરી હોય એવા તુલ ઉપરના હક બાબત અથવા તેની કીંમત બાબત મામલતદારે કરેલો નીકાલ કોઇ પણ દિવાની કોર્ટમાં તેજ પક્ષકારોની અથવા તેઓના સંબંધથી દાવો કરનારા બીજા માણસોની દરમિયાન આગળ કાંઇ ફરિયાદ થાય તેમાં અથવા બીજું કામ ચાલે તેમા નિરૂત્તર છે એવું સમજવું નહિ.

તુલ ઉપરના હક અથવા તેની કીમત બાબત, મામલતદારનો નીકાલ નિરૂત્તરછે.

૨૩. (૧) આ આકટ પ્રમાણે મામલતદારે કરેલા કોઈ પણ હુકમ ઉપર અપીલ ચાલશે નહિ.

અપીલ ચાલશે નહિ.

(૨) પણ કલેકટર આ આકટ મુજબની કોઇપણ ફરિયાદના કાગળપત્ર મંગાવીને તપાસવાને મુખત્યાર છે, અને જો તેને એમ લાગે કે એવી ફરિયાદમાં ચલાવેલું કોઇપણ કામ, કરેલો કોઇપણ ઠરાવ અથવા હુકમ ગેરકાયદેસર છે અથવા અયોગ્ય છે તો, તે આ આકટને વિરૂદ્ધ ન હોય એવો તથા પોતાને યોગ્ય લાગે એવો હુકમ, પક્ષકારોને યોગ્ય નોટીસ આપ્યા પછી, કરવાને મુખત્યાર છે.

મામલતદારે ચલાવેલા કામનો ફરી તપાસ કરવાનો કલેકટરને અધિકાર.

(૩) જ્યારે કલેકટર આ આકટ પ્રમાણે કોઇ પણ કામ ચલાવે ત્યારે તે આ આકટ પ્રમાણેની કોરટ છે એમ સમજવું.

કલેકટર કોર્ટ છે એમ સમજવું.

ટીકા—મામલતદારનો હુકમ રદ કરવાનો તેમજતેમાં ફેરફાર કરવાને, હાઇકોર્ટને ખાસ અધીકાર છે. માટે નારાજ થયેલા પક્ષકારે, હાઇકોર્ટ પ્લીડર મારફત હાઇકોર્ટને, નીચલી કોર્ટના હુકમની નકલ સાથે દીનં. ૩૦ માં અરજ કરવી જોઇએ.

મામલતદારનો હુકમ રદ કરવાનો તેમજ કામ ફરી સુનાવણી ઉપર લેવા હુકમ કરવાનો, કલેકટરને આ કલમથી અધીકાર મલ્યો છે.

એક કામમાં મામલતદારે, રજીષ્ટર કરાવ્યા વગરનો પટો (જે રજીસ્ટ્રેશન એકટ પ્રમાણે રજીષ્ટર કરાવવોજ જોઇએ) પૂરાવામાં દાખલ કરી, વાદીના લાભમાં હુકમ કર્યો હતો. હાઇકોર્ટે તે હુકમ રદ કર્યો. લક્ષમા—વિ. નારાયણ—પ્રી. જ. પા. ૧૮૦—૧૮૯૩.

૨૪. મુંબઇની હાઈ કોરટ મુંબઇ ઇલાકાના બીજા ભાગોમાં મામલતદારોની કોર્ટો ઉપર જે અધિકાર ચલાવે છે તેજ અધિકાર, સિંધના જયુડિશિયલ કમિશનરની કોરટ સિંધપ્રાંતમાંની મામલતદારોની કોર્ટો ઉપર ચલાવવાને મુખત્યાર છે.

સિંધના જયુડિશિયલ કમિશનરની કોર્ટનો અધિકાર.

૨૫. જે કોઇ પણ વાદીને આ આકટ મુજબની ફરિયાદ અરજી અમુક મુદ્દાની બાબતમાં ખોટી છે એવું માલમ હોય અથવા લાગતું હોય અથવા ખરી છે એવું લાગતું નહિ હોય તે અરજી ઉપર સહી કરશે તથા તેના ખરાપણાની પ્રતિજ્ઞાનો લેખ કરશે તેણે હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૧૯૩મી કલમ પ્રમાણે શિક્ષા કરવા લાયક ગુન્હો કર્યો છે એવું સમજવું.

ખોટી ફરિયાદ અરજી ઉપર ખરાપણાની પ્રતિજ્ઞાનો લેખ કરવા બાબત શિક્ષા.

ટીકા—આ કલમ ઘણી ઉપયોગી છે. ખોટી ફરીયાદ થતી અટકાવવાના હેતુથી એ દાખલ કરેલી છે. ઘણી વખત એમ બને છે કે, લુચ્ચા પણ સારી સ્થિતિના અણસમજુ લોકો ગરીબને હેરાન કરવા ખોટેખોટી ફરીઆદ કરે છે. આવા લોકો પીનલકોડ કલમ ૧૯૩ મૂજબ શીક્ષાને પાત્ર થાય છે, માટે તેઓના ઉપર ક્રી. પ્રો. કોડ. કલમ. ૪૭૬ મૂજબ તજવીજ કરવી જોઇએ. અગર કોઇ પક્ષકાર ફોજદારી કામ ચલાવવા પરવાનગી મળવા લખીત અરજ કરે તો તેને પરવાનગી, ઇયા "સેંકશન" આપવું જોઇએ. અરજી વગર "સેંકશન" અપાય નહીં. ઇ–લો–રી–૧૮ અલહાબાદ. પા. ૨૧૩.

મામલતદાર "સેંકશન" આપવા ના પાડે તો, ડીસ્ટ્રીકટ કોર્ટને તે ઉપર અપીલ થઈ શકે છે. ક્રી. પ્રો. કો. કલમ. ૧૯૫–પેટા કલમ–૭ ની (क) રકમ જુઓ.

"સેંકશન" આપ્યાની તારીખથી—૭ મહીનાની અંદર ફરીઆદ દાખલ કરાવવી જોઇએ, તે મુદત બાદ ફરીઆદ દાખલ થઇ શકતી નથી—ક્રી. પ્રો. કોડ. કલમ. ૧૯૫ જુઓ.

૨૬. આ આકટની રૂએ નીચે લખેલા પ્રકારની ફરિયાદ ચાલશે નહિ:—

અમુક ફરિયાદો ચાલનાર નથી.

(અ) સરકારનો જે કોઇ પણ અમલદાર વિદ્યમાન કાળે અમલમાં હોય એવા કોઇ પણ કાયદાની રૂએ યોગ્ય રીતે નિમાયલા માનેજર અથવા પા

સરકાર સામેની ફરિયાદ

લન કરનાર તરીકે કામ કરતો હોય તે શિવાય ને પ્રસંગે તેણે પોતાના હુદ્દાની રુયે કરેલા અથવા કર્યાનું કહેવામાં આવતા કોઇપણ કૃત્ય ના સંબંધમા સરકાર સામેની અથવા એવા અમલદાર સામેની ફરિયાદ; અથવા

અગાઉ ચાલેલી ફરિયાદ.

(બ) કોઇપણું કબજો છોડાવ્યાની, કબજો પાછો મળવાની અથવા તેને હરકત કર્યાની જે બાબત આ આકટની રૂયે અથવા કોઇપણ દિવાની કોર્ટમાં, અથવા સન ૧૮૯૮ ના ફોજદારી કામ ચલાવવાની રીત બાબતના કાયદાના ૧૨ મા બાબની રૂયે, અગાઉ ચાલેલા જે કામમાં વાદી અથવા તેની પહેલાનો હિતસંબંધ ભોગવનાર શખસ પક્ષકાર હોય તે કામનો વિષેય હોય તે બાબત સંબંધી ફરિયાદ.

પરિશિષ્ટ અ.

પ્રતિવાદીને ૧૪ મી કલમ પ્રમાણે કરવાની નોટીસનો નમુનો.

કોર્ટનો સીકકો.

ફરિયાદનો નંબર.

__________ ના મામલતદારની કોર્ટમાં.

__________ વાદી.

__________ પ્રતિવાદી.

પ્રતિવાદી (નામ, ઉમ્મર, ધર્મ, જાત, ધંધો તથા રહેવાનું ઠેકાણું) જોગ

(અહિંયાં વાદીનું નામ, ઉમ્મર, ધર્મ, જાત ધંધો તથા રહેવાનું ઠેકાણું લખવું) એણે તમારા ઉપર આ કોર્ટમાં નીચેની બાબત ફરિયાદ કરી છે, (અહિંયા ફરિયાદઅરજીનો મજકુર લખવો):—

વાસ્તે સદરહુ વાદીને જવાબ દેવાસારૂ તમે જાતે અથવા યોગ્ય રીતે અધિકાર આપેલા મુખત્યારની મારફતે ________ ગામમાં આ કોર્ટમાં ________ તારીખે વાગતે હાજર થવાનો તમને આ નોટીસ ઉપરથી સમન કર્યો છે, અને તે તારીખે તે ફરિયાદ અરજીનો આખરનો નિકાલ કરવામાં આવનાર છે, માટે સદરહુ નીમેલે વખતે તથા જગાએ તમારા દસ્તાવેજ હાજર કરવાની તથા તમારા સાહેદોને હાજર રાખવાની તમારે તજવીજ કરવી; અને તમને આ ઉપરથી નોટીસ આપવામાં આવે છે કે ઉપર કહેલે વખતે તથા જગાએ સદરહુ પ્રમાણે હાજર થવાને તમે ચુકશો તો, તમારી તથા તમારા મુખત્યારની ગેરહાજરીમાં સદરહુ ફરિયાદની ચોકશી કરીને ફેસલો કરવામાં આવશે.

આજ તારીખ માહે સને ૧૯

(સહી)

મામલતદાર.

ટીપ.—કોર્ટે તમારા સાહેદોને સમન કરવા એવી તમારી ઇચ્છા હોય, તો આમાં લખેલી તારીખની અગાઉ યોગ્ય મુદ્દતમાં સમન બજાવી શકાય એટલા વાસ્તે તમોએ વિલંબ ન કરતાં તે મતલબની કોર્ટને અરજી કરવી.

પરિશિષ્ટ બ.

૧૬ મી કલમ પ્રમાણે કરવાની નોટીસનો નમુનો.

(કોર્ટનો સીક્કો.)

ફરિયાદનો નંબર.

---------- ના મામલતદારની કોર્ટમાં

---------- વાદી.

---------- પ્રતિવાદી.

વાદી (અથવા પ્રતિવાદી, જે હોય તે,) જોગ.

સદરહુ ---------- એણે આ કોર્ટમાં કરેલી ઉપર લખેલી ફરિયાદમાં ગયા ---------- મહીનાની ---------- તારીખે કોર્ટે હુકમ કર્યો છે કે ---------- અને સદરહુ વાદીયે (અથવા પ્રતિવાદીએ, જેમ હોય તેમ) (અહિંયા કારણ લખવાં) કારણો સારૂ સદરહુ મુકદ્દમાની ફરીથી ચોકશી કરવા માટે આ કોર્ટને ---------- મહિનાની ---------- તારીખે અરજી કરી છે,

વાસ્તે તમને નોટીસ આપવામાં આવે છે જે ---------- ગામમાં ---------- મહિનાની ---------- તારીખે ---------- વાગતે, સદરહુ અરજીની સુનાવણી કરીને તેનો ફેસલો કરવામાં આવશે, અને તમને આ ઉપરથી નોટીસ આપવામાં આવે છે કે ઉપર કહેલે વખતે તથા જગાએ તમે જાતે અથવા મુખત્યારની મારફત હાજર નહિ થશો તો, તમારી ગેરહાજરીમાં સદરહુ અરજીની સુનાવણી કરીને તેનો ફેસલો કરવામાં આવશે, અને તે અરજી મંજુર કરવામા આવશે તો, સદરહુ ફરિયાદની પાછી સુનાવણી થવા સારૂ વખત તથા જગા નીમવામાં આવશે.

આજ ---------- તારીખ ---------- માહે ---------- સને ૧૯

(સહી)

મામલતદાર.

પરિશિષ્ટ ક.

૨૧ મી કલમની પેટા કલમ (૨) પ્રમાણે આપવાના તાકીદ હુકમનો નમુનો.

કોર્ટનો સીક્કો.

ફરિયાદનો નંબર.

____________________ ના મામલતદારની કોર્ટમાં.

____________________ વાદી.

____________________ પ્રતિવાદી.

પ્રતિવાદી જોગ.

ઉપર લખેલી ફરિયાદમાં કોર્ટે આજે એવો ઠરાવ કર્યો છે કે સદરહુ વાદી __________ ના કબજામાં હેઠળ લખેલી મિલકત રેહેવા દેવામાં (અથવા પાણીના હેઠળ લખેલા ઉપયોગનો અથવા રસ્તાના હેઠલ લખેલા ઉપયોગનો ઉપભોગ કરવામાં અથવા બીજી રીતે, જેમ હોય તેમ લખવું,) તમે (જે હરકત અથવા અડચણ કર્યાનું તેનો યત્ન કર્યા અથવા તેનો યત્ન કર્યાનું સાબિત થયું હોય તે અહિંયાં લખવું) થી હરકત અથવા અડચણ કરી છે (અથવા હરકત અથવા અડચણ કરવાનો યત્ન કર્યો છે).

વાસ્તે યોગ્ય દિવાની કોર્ટના હુકમનામાની બજાવણીમાં કરવામાં આવે તે શિવાય બીજી રીતે સદરહુ મિલકત (અથવા બીજી બાબત, જેમ હોય તેમ,) સદરહુ વાદીના કબજામાં રેહેવા દેવામાં (જ્યાં જરૂર હોય તો જે જાતની હરકત અથવા અડચણ ફરીથી ન કરવાની પ્રતિવાદીને તાકીદ આપી હોય તે લખવી) હરકત અથવા અડચણ કરવાનો વધુ યત્ન કરવાની તમને આ ઉપરથી મના કરવામાં આવે છે.

તારીખ માહે સને ૧૯

(સહી)

__________ મામલતદાર.

ફરીઆદ અરજીના નમુના.

મે. મામલતદાર સાહેબ તાલુકે ની કોર્ટમાં.

ચાલુ વહીવટની ફરીયાદ.

૧—વાદી—ફકીર પરસોતમ, ધર્મે હિંદુ, જાતના કણબી, ધંધો ખેતીનો રહેવાસી મોજે વેડ તાલુકે ચોર્યાસી.

૨—પ્રતીવાદી—મગન ઢેડીઆ, ધર્મે હિંદુ, જાતના કોળી, ધંધો ખેતીનો રહેવાસી મોજે વેડ તાલુકે ચોર્યાસી.

૩—વાદીની અરજ એ છે જે મોજે વેડ તાલુકે ચોર્યાસીની હદમાં મારૂ બાપીકુ ખેતર-સરવઈ નંબર. ૫૧. છે-તેની ચતુર સીમા નીચે મુજબ.

ઉત્તરે-નવરોજી બમનજીનો વજીફો.

દક્ષીણે-મોરારજી ભાઇદાસનું ખેતર.

પૂર્વે-કંથડજી બાઅરતું ખેતર.

પશ્ચીમે-હાજી અસ્માલનું ખેતર.

એ વીગતના મારા ખેતરનો પ્રતીવાદી ગેરકાયદે કબજો કરી બેઠો છે.

૪—દાવાનુ કારણ તા. માહે સન ૧૯૦ ને રોજ ઉપ્તન થયું છે.

૫— સદરહુ ખેતર મારા કબજા વહીવટમાં છતાં, પ્રતીવાદીએ જબરાઇ કરી ખેડી તેમાં જુવારનુ વાવેતર કર્યું છે. પ્રતીવાદી મારો સાહુકાર છે. તેને મેં એ જમીનનો કબજો વહીવટ આપેલો નથી, પણ દેણુ બદલ કોર્ટમાં ફરીઆદ ન કરતાં બારોબાર મારી જમીન લઇ લેવા ઇરાદો રાખે છે-માટે તુલ સાથે મને કબજો સોંપાવો-અને દાવાનું ખરચ અપાવો.

૬—પુરાવો.

૧—ખંડુ વલભ. રહેવાસી વેડનો ૨—મકન નાના. ઉપર મુજબ.	દાવાવાળી જમીન મારા કબજા વહીવટની છે એમ સાબીત કરશે.
૩—મગન નારણજી ” ૪—ભાણા મકન. ”	પ્રતીવાદી હાલમાં કબજો કરી બેઠો છે તે વાત જાણે છે.

નંબર. ૧-૨. ના સાહેદોને હું કોર્ટમાં હાજર રાખીશ; અને નંબર. ૩-૪ના સાહેદોને કોર્ટથી સમન કરી બોલાવવા જોઇએ.

શહી. ફકીર પરસોતમ.

મે. મામલતદાર સાહેબ તાલુકે ચીખલી-ની કોર્ટમાં ચાલુ વંહીવટની ફરીયાદ.

૧-વાદી-રામબાઇ, તે ભુલાભાઇ રઘનાથજીની વીધવા, ધર્મ હિંદુ, જાતના બ્રાહ્મણ-ધંધો ખેતી-રહેવાનુ દેગામ તાલુકે ચીખલી.

૨-પ્રતીવાદી-૧-ભામભાઈ મકનજી, ધર્મ હિંદુ, જાતના બ્રાહ્મણ, ધંધો ખેતીનો.

૨-ખંડુભાઇ હરીભાઇ-ઉપર મુજબ રહેવાનુ દેગામ તાલુકે ચીખલી.

૩-મણીભાઇ રણછોડજી-ઉપર મુજબ.

૩-વાદી-ની અરજ એ છે જે, મોજે દેગામની સીમમાં મારૂં સરવે નંબર. ૬૫ એકર ૩-૧૮ ગુંઠાનું ખેતર છે-તેની ચતુર સીમા નીચે મુજબ.

ઊતરે-લલુભાઇ નથુભાઇનું ખેતર.
દક્ષીણે-વસનજી મકનજીનું ખેતર.
પૂર્વે-રામભાઇ વસનજીનું ખેતર.
પશ્ચીમે-ખુશાલભાઇ રતનજીનું ખેતર.

ઉપરની વીગતનું મારૂં ખેતર છે. તે ખેતર પ્રતીવાદી નંબર ૧ નાને એક વર્ષને માટે ગણોતે આપ્યું હતું-તેની મુદત પુરી થયા છતાં કબજો છોડતો નથી.

૪-દાવાનું કારણ તા. માહે સન ૧૯ ને રોજ ઉત્પન થયું છે.

૫-હકીકત એવી છે કે દાવાવાળું ખેતર મારા મરનાર ધણીએ, પ્રતીવાદીને એક ફસલને માટે, તા-૩૦-૭-૯૫ ના પટાથી, ગણોતે આપ્યું હતું. તે પટાની મુદત તા. ૩૦-૩-૯૬ ને રોજ પુરી થઈ છતાં, પટાની મુદત પુરી થયા અગાઉ એટલે તા. ૨૪-૩-૯૬ ને રોજ પ્રતીવાદીએ એ જમીન ખંડુભાઇને આપી, ખંડુભાઇએ તે જમીન મણીભાઇને સાંથી-પ્રતીવાદીઓ મને કબજો સોંપતા નથી. માટે મને કબજો અપાવો, અને આ દાવાનો ખરચ અપાવો.

૬-પુરાવો.

ગણોતપટો રજુ કરૂં છું.

સાહેદ-૧ વસનજી મકનજી. ૨-ભીમભાઇ મકનજી પ્રતીવાદી. ૩-ખુસાલભાઇ રતનજી.	રહેવાનુ દેગામના. આ સાહેદોથી ગણોતપટો સાબીત થશે. અને કબજો આપતા નથી તે સાબીત થશે.

તા. માહે જુલાઇ સન ૧૮૯૬.

સહી રામબાઇ તે ભુલાભાઇ રઘનાથજી ની વીધવા.

મે. મામલતદાર સાહેબ તાલુકે ની કોર્ટમાં

ચાલુ વહીવટની ફરીયાદ.

૧-વાદી-ભીમભાઈ મકનજી, ધર્મ હિંદુ, જાતના કણબી, ધંધો ખેતીનો રહેવાસી મોજે.

૨-પ્રતીવાદી-કાળીદાસ વલભ, ધર્મ હિંદુ, જાતના કણબી, ધંધો ખેતીનો રહેવાસી મોજે.

૩-વાદીની અરજ એ છે જે મોજે ની સીમમાં, સર્વે નંબર ૫૬ ની જમીનમાં કુવો છે. કુવાના પાણીનો ઉપભોગ હમો કેટલાંક વર્ષ થયાં કરીએ છીએ. આજ કેટલાક દીવસથી પ્રતીવાદી પાણી લેવા દેતો નથી. અને હમારાં ઊપભોગને હરકત કરે છે.

૪-દાવાનું કારણ-તા. માહે સન ૧૯૦૪ ને રોજ ઉપ્તન થયું છે.

૫-હકીકત એવી છે કે સદરહુ જમીન તથા કુવો હમો વાદી તથા પ્રતીવાદીની વડીલો પારજીત છે. જમીનના હમોએ નીમો નીમ ભાગ પાડી લીધેલા છે; પણ કુવો રાસુકો રાખેલો છે. આ કુવાના પાણી લઇ હમો વર્ષો વર્ષ પીતનું તુલ કરીએ છીએ. હાણુ સાલ પ્રતીવાદી સાથે બોલાચાલી થવાથી, આ કુવાનું પાણી લેવા દેતો નથી, અને હરકત કરે છે. તે ન કરે એવો તાકીદ હુકમ આપો અને આ દાવાનો ખરચ અપાવો.

૬-પુરાવો.

સાહેદ,-હરી ગોવન. } સદરહુ કુવાના પાણીનો ઉપભોગ કરવાનો વહીવટ જાણે છે.
ખુસાલ દાજી. }

નથુ ભગા—હરકત કર્યાની વાત જાણે છે.

આ સાહેદો મોજે ના રહેનાર છે. એમને સમન કરી બોલાવવા જોઇએ—

તા. માહે સન ૧૯૦૪.

સહી ભીમભાઈ મકનજી.

પોલીસ પટેલ.

બીજી આવૃત્તી સુધારા વધારા સાથે કીંમત રૂા. ૧-૦-૦

આ પુસ્તક ફક્ત બ્રીટીશ રાજ્યમાંના પોલીસ પટેલોને ઉપયોગી છે એટલુંજ નહીં પણ દેશી રાજ્યોના પટેલોને પણ ઘણું ઉપયોગનું છે. જામનગર, વાંસદા, પાટડી, ખંભાત, બજાણા વીગેરે નાના મોટાં સ્ટેટોમાં આ પુસ્તક લેવાયાં છે.

અભિપ્રાયો

મુંબઇ હાઇ કોર્ટના જડજ નામદાર પારસન્સ સાહેબ લખે છે કેઃ- આ પુસ્તક ઘણો ફેલાવો પામશે કારણ જેને માટે એ પુસ્તક તૈયાર કરેલું છે તેઓને એ ઉપયોગી થઇ પડશે એમાં કાંઇ શક નથી.

સુરત જીલ્લાના માજી કલેકટર મરહુમ વેર સાહેબનો અભિપ્રાયઃ-. મી. ગોવીંદજી ગોપાળજી દેસાઇએ તૈયાર કરેલું "પોલીસ પટેલ" નામનું પુસ્તક વખાણવા લાયક છે અને જે પોલીસ પટેલો પોતાની ફરજો હોંશીઆરીથી અને ખરી રીતે બજાવવા ચાહાતા હોય તેમને તે ઘણુંજ ઉપયોગી થઇ પડશે એવો મારો અભિપ્રાય લખવાને હું ઘણોજ ખુશ થાઊંછું. * * * * એકંદર જોતાં આ પુસ્તક લાંબા વખતની ખોટ પુરી પાડે છે, અને ગામના પટેલોને વહીવટ સુધારવામાં ઘણું ઉપયોગી છે.

જુનાગઢ સ્ટેટના દિવાન સાહેબ બાહાદુર મી. આબાસ અલી બેગ મીરઝા. બી. એ. સી. એસ. લખે છે કેઃ—આ પુસ્તક આ રાજ્યના પોલીસ પટેલોની ફરજોના સંબંધમાં ઉપયોગી થઇ પડશે.

વડોદરા સ્ટેટના પોલીસ કમીશનર સાહેબ બાહાદુર લખે છે કેઃ- પુસ્તક ઘણું ઉપયોગી જણાય છે.

ગુજરાત મિત્ર વર્તમાન પત્ર તથા દેશી મિત્ર પત્રના અભિપ્રાયઃ— આ ચોપડી ગામના પટેલ તલાટીઓને તથા ઉમેદવારોને બહુજ ઉપયોગી છે માટે હમો ભલામણ કરીએ છીએ કે દરેક પટેલ તલાટી કે જેઓને પોતાનું કામ હોંશીઆરીથી બજાવી ઉપરી અમલદારોને રાજી રાખી ગામનો વહીવટ સુધારવા માંગતા હોય તેઓએ આ પુસ્તક ખરીદ કરવું

પુસ્તકો મળવાનું ઠેકાણું.

ગો. ગો. દેસાઇ. માજી મામલતદાર.

પોસ્ટ. કતારગામ. જીલ્લે-સુરત.